# 2014

# કાવ્ય-કોડિયાં—મનસુખલાલ ઝવેરીનાં કાવ્યો




1/24/2014



# મનસુખલાલ ઝવેરી

મનસુખલાલ ઝવેરી એ ગુજરાતી ભાષા નાં ઊંડા અભ્યાસી તેમજ સમર્થ વિવેચક પણ હતાં. તેનો જન્મ ઈ.સ.૧૯૦૭ ની ૩ ઓક્ટોબર નાં રોજ ગુજરાત રાજ્યનાં જામનગર શહેરમાં થયો હતો. તેમનાં પિતાનું નામ મગનલાલ ઝવેરી હતું. તેઓએ એમ.એ. સુધીનો અભ્યાસ પુર્ણ કરીને પ્રાધ્યાપક તરીકે અને પછીથી પ્રિન્સિપાલ તરીકે સેવા આપી હતી. તેઓ શિક્ષણની સાથે સાથે સાહિત્ય માં પણ ખુબજ સફળ રહ્યા હતાં. તેઓએ ગુજરાતી ભાષા, વ્યાકરણ અને લેખન પર ખુબજ ઉમદા કાર્ય કર્યુ હતું. તેઓએ ઈ.સ.૧૯૬૬ માં ન્યુયોર્ક ખાતે આંતર રાષ્ટ્રીય શિબિરમાં ભારતીય લેખકોનું પ્રતિનિધિત્વ પણ કર્યુ હતું. આ ઉપરાંત

મનસુખલાલે તેમનાં જીવનકાળ દરમિયાન અનેક સામાજીક સંસ્થાઓ સાથે જોડાઈને સેવાકીય પ્રવૃતિ કરી હતી. તેઓનું અવસાન ઈ.સ.૧૯૮૧ ની ૨૭ ઓગષ્ટે મહારાષ્ટ્ર રાજ્યનાં મુંબઈ ખાતે થયુ હતું.

મુખ્ય રચનાઓ

- વિવેચન - પર્યેષણા, કાવ્યવિમર્ષ, અભિગમ, દ્રષ્ટિકોણ, કનૈયાલાલ મુનશી, ન્હાનાલાલ
- કાવ્ય - આરાધના, ચંદ્રદૂત, ફૂલદોલ, અભિસાર, ડૂમો ઓગળ્યો
- સંપાદન - સાહિત્યલહરી ભાગ ૧, ૨, ૩; ગુજરાતી ભાષા વ્યાકરણ અને લેખન - ભાગ ૧-૨ , પ્રેમાનંદ કૃત 'દશમ સ્કંધ' , ગુજરાતી ટૂંકી વાર્તા, આપણા ઉર્મિકાવ્યો ભાગ ૧-૨, દયારામ
- અનુવાદ - સ્મૃતિભંશ અથવા શાપિત શકુંતલા, રામસંહિતા, ભારત - આજ અને કાલ, હેમ્લેટ, મેકબેથ, ઓથેલો

## અનુક્રમણિકા

કહી શકું ..... 5

થતું કુસુમને — ..... 6

સખી ! આજે — ..... 7

અજબ દયિતે ! ..... 8

તમે ગયાં ? ..... 9

રહો તહીં જ ..... 11

તો ? ..... 13

બદલો ! ..... 14

કયમ ન માનવી પાંગરે ? ..... 18

ગાડી જતી’તી નિજ પંથ કાપતા ..... 21

ટકોરા ..... 25

શાશ્વત યૌવનશ્રી ..... 30

અમાસ ..... 32

ત્રીજો દિવસ ..... 34

તારા દરસથી ..... 44

ગિરિધર ! ગોકુલ આવો ..... 45

અપાઇ મુજથી ગયું ..... 46

ભભૂતને ..... 47

ચાહું છું માડી ! હું —......51

વિજોગ !......54

પુનર્જન્મ......55

ઊડો !......58

મુક્તિમંગલા......59

વિપર્યય......64

મૃત્યુને......65

શિખરું ઊંચાં —......68

ફફડાટ......69

કબ્રસ્તાન જોઈને......70

ચિ. ઉષાબહેનને......71

વર્ષગાંઠે......73

વિષણ્ણ વય વૃધ્ધ !......75

બેસી જોયાં કરું......76

દીપદાન......77

જાઉં કયાં ?......78

હાથ જોડાઇ જાય......79

# કહી શકું

તને કયમ કહું સદા નિરખજે મને એકને ?
જહીં ઉપવનને અનન્ત તુજ લ્હેરતાં ભાળું હું

અસંખ્ય વનપાદપો યુગયુગાન્તરોથી ઊભાં

ધરા હૃદયમાં પ્રસારી નિજ મૂળ ઊંડાં, અને

સમસ્ત અવકાશને નિજ પ્રશાખથી આવરી ;

તહીં કયમ કહી શકું નિરખજે મને એકને ?
કહી કયમ શકું, યદા નિરખું છોડ હું કોમળા

નિરંતર નિહાળી જે તુજ ભણી રહે, યાચતા

પ્રસન્ન સ્મિત તાહરું , પ્રણયબિન્દુ એકાદ ને

રહે તલસતા બધા પ્રગટવા કલા આત્મની,

થતાં જ તુજ સ્પર્શ પ્રેમળ; તહીં શકું કેમ હું
કહી બસ મને જ તું નિરખજે સદા એકને ?

કહી શકું હું આટલું : કુસુમ હુંય ઉદ્યાનનું

અનન્ત તવ : ને રહું નિરખી હુંય તારા ભણી.

-----------------------------------------------------

# થતું કુસુમને —

થતું કુસુમને : “ધરું કવણને હું આ પાંખડી ?”
—ધરાહૃદયમાં ચિરં સમય બીજ રૂપે રહી,
નસેનસ મહીં રસો વસુમતી તણા સંગ્રહી,
અનન્ત સ્વપનો તણી મૃદુલ સૃષ્ટિને સર્જતી,
થઇ પ્રગટ એકાદ, પ્રથમ વાર જ્યાં પાંખડી,
થતું કુસુમ મુગ્ધને :“બહવું કયાં કલા આત્મની ?”
“ચડી શિવશિરે કૃતાર્થ બનું સીકરે ગંગના ?”
સુણું હું અથવા કથા ઉરતણી નવોઢા તણા,
રહી, ધડકતા નવા અનુભવેથી હૈયા પરે ?
રમું સરળ હાથમાં શિશુતણા હું નિષ્પાપ વા
રહી અહીં જ, માતની સરસ નીલ સાડી મહીં
બની રહું હું ફૂલડું, ઇતર પુષ્પની સાથમાં ?”
ત્યાં ત્યો સ્પર્શ્યે અધર અલિનો, ચિત્તાના તાર તારે
રહેતાં ગુંજી રવ મધુર, શી ધન્યતા મૌગ્ધ્ય ધારે !

-------------------------------------------------

# સખી ! આજે —

સખી ! આજે આંહી પુનરપિ હું મારાં પદ ધરૂં,
અને જોઉં મારાં પરિચિત પુરાણાં સ્થળ બધાં,
અહીં બ્હોળે હૈયે પરમ નિજ ભાવ પ્રગટતી
લસે શી લાલિત્યે પ્રકૃતિ નડડીશી રસભરી !
સખી ! સીતાસ્નાને પુનિત જળ આ શાં ધમકતાં
ગભીરા ઘોષે ને કુલકુલ બનીને વિખરતાં !
શિલાઓ ભેદીને કઠિન વહતાં તો ય નવ એ
તજે સૌન્દર્યોની સહજ અલબેલી નિજ છટા.
સખી ! એનાં એ આ વિમળ જળ ગોદાવરી તણા,
અને એના એ આ પ્રબળ પડતા ઘોધ ગરવા;
નિકુંજો એની એ : વિહગકલનાદો પણ સખી !
બધા છે એના એ : તદપિ નવલ પ્રાણ ધરતી
હસી સૃષ્ટિ આજે અધિકતર લાસે વિલસતી;
તું જાણે છે, શાને ? અસર તુજ એ તો સહુ, સખી !

---

# અજબ દયિતે !

તમે નો'તાં ત્યારે, નયન મુજ નો'ત, નિરખતાં

કશુ યે કલ્યાણી ! તમ વિણ બધું નીરસ થતાં;

સુહાગી સૃષ્ટિની સમદ, શિવ, સૌન્દર્ય લહરી

નચાવી નેત્રોને મુજ નહિ શકી વા નવ હરી.

તમે, કાં કે, એવાં હૃદય વસિયાં'તાં પ્રિયતમે !
ન કે નેત્રે બીજું કંઇ પણ તમારા વિણ રમે.

અને હો છો ત્યારે પણ ન નયનો કાંઈ નિરખે;

બધું, કાં કે, એનું ભવભવનું નિર્વાણ વિરમે

તમારાં નેત્રો ને અધર વિકસાવન્ત સ્મિતમાં,

રૂપાળી છાતીની ચડઊતર થાતી ધબકમાં.

શશી, તારા, પુષ્પો, ધનુ ધનનું, પ્રત્યૂષ : સહુનાં
વસે જ્યાં સૌન્દર્યો હસમુખ તમારા વદનમાં.
તમેયે કેવાં છો અજબ દયિતે ! કે નયનમાં
અભાવે ને ભાવે પણ મુજ રમી એક જ રહ્યાં !

-----------------------------------------------------

# તમે ગયાં ?

ને ના ફરી કદિ તમે અહિં આવવાનાં ?
ના શું ફરી તમ સ્મિતે અજવાળવાનાં
અન્ધાર આ હૃદયના ? કદિ ના'વવાનાં ?
ના આવશો;
ના આવશો, મન ન જો તમ માનતું, ને
પ્રેરે ન ઊર્મિ રસની ઉરને તમારા;
ના આવશો પ્રિયતમે ! અંહિંયાં પરાણે;
માને ન મારું મન યે કદિ દંભ એવે.
કયારે ય હું નહિ મથું તમ ખેંચવાને
હૈયા તણા પ્રવહને મુજ મેર, કે ના
ઝરીશ લેશ પણ, હું તમ દર્શ કાજે;
બાળીશ ના મુજ મનોરથમાધવીને
હું વંધ્ય શોક તણી ઝાળ ભુખાળવીમાં.
શેં હોમવાં અન્તરફૂલડાંને
જ્વાળા મહીં વ્યર્થ વિમાસણોની ?
કે કુંજની રમ્ય રસાર્દ્રતામાં
વહાવવાં ખિન્ન કશેં હલાહલો ?

ભલું નહિ જ એથી શું પરમ ભવ્ય તાટરથ્ય કો,
જહીં ન કદિ વંચના વિષભરેલ વ્યાપી શકે ?

ન ઘાત પ્રતિઘાતનાં તુમુલ દ્વંદ્વ જેમાં મચે ?

પ્રસન્ન ઉરની ન જ્યાં કદિય સ્વસ્થતા ઓસરે ?
અને છતાં મંગળ આશતારિકા

ઝગી રહે જ્યાં નિજ તેજ પાથરી;

સીંચાઇ નિત્યે સ્મૃતિનાં અમીથી

સજીવ જ્યાં રહે નિત પ્રાણમંજરી

એવાં અમ્રતથી હું યે સાચવી આશવલ્લરી,

તમ કાજ સદા મારું હૈયું રાખીશ શુદ્ધ હું;

કે જયારે યે તમ પદ વળે તે ભણી, તે ઘડી આ

હૈયું મારું નિજ સરળતા પાથરી મુગ્ધ ભાવે,

ઝીલી રહે, માનિની ઓ !
તમ ચરણતણાં કુંકુમો કેરું કાવ્ય.

---

# રહો તહીં જ

રહો તહીં જ સુન્દરી ! મુજ નજીક ના આવશો;
રહો તહીં જ ને મને નયન બે ય મારાં ભરી

ભરી નિરખવા દિયો મૃદુલ વેલ લાવણ્યની;
વિશુદ્ધ તમ સુન્દરી ! ઊછળતી ઉરે મુગ્ધતા,

કરે, ચરણ, રોમમાં વિલસતી તમારી પ્રભા,
મને નિરખવા દિયો નયન બે ય મારાં ભરી.
ન જાણું કયમ માહરું હૃદય કમ્પતું લાવતાં
નજીક તમને, અને અતોશ ધન્યભાવે ઢળ્યાં
વિમુગ્ધ તમ નેત્રમાંહિ મુજ નેત્રને રોપતાં.

નથી હૃદય ચાલતું મુજ સુગાઢ આશ્લેષમાં

સુકોમળ સમાવતાં સમદ સૌ તમારી છટા.
નથી અધરપલ્લવે ભ્રમર જેમ ગુંજી રહી,

કૃતાર્થ બનવું; નથી પ્રિય જરી ય ઓછાં તમે

પ્રિયે ! હૃદયને, છતાં વિનવું ત્યાં જ રહો સુન્દરી !

હતો ઉપવને હું કાલ તમ રાહને ન્યહાળતો,

તદા નિરખ્યું મેં ગુલાબ તમ શું જ ઉત્ફુલ્લ કો,

વસંતમય વેષમાં તમ સમાન એ લાડતું,
અને તમ સમાં સ્મિતે સુતનુ છોડપેં સોહતું,
સમસ્ત સુકુઅમારતા તમ ધરી રહી અંગમાં,
રહ્યું વહવતું બધે સરસ ગન્ધ ઉચ્છ્ વાસની.

વિલુબ્ધ તહીં હું સમીપ વિચર્યો; અને પ્રાશતાં
સુવાસ શુચિ એહની ઉર અધીરથી, માહરાં
નિમીલિત થઈ ગયાં નયન, ને ગળી ત્યાં ગઈ
બધી ય મુજ વૃત્તિઓ અમળ એક આનન્દમાં.
અચાનાક જ ત્યાં ગયાં નયન ઊઘડી માહરાં
અને કુસુમ રમ્ય કેરી સુકુમાર સૌ પાંખડી
જતી વણસી મેં લહી મુજ કરે રહ્યા સ્વેદથી
અને ખરી પડન્ત એ નિરખી ધૂસરી ધૂળમાં.
થઈ મુજ કરે ગઈ મલિન એ પનોતી પ્રભા.
સુવાસ, શુભ વર્ણ કે સુરખિ રમ્ય તેનું કશું
રહ્યું ન; રહ્યું એકલું મુજ કરેથી ચૂંથાયલું
અહીં તહીં ખરી પડેલ મૃદુ અંગમાધુર્ય એ.
પદે લથડતે, ઉરે વિવશ ત્યાંથી હું ન્હાસિયો.
નજીક નહિ આવશો, પ્રિયતમે ! રહો ત્યાં જ કે
ભરી નયન બે ય હું તમ વિશુદ્ધ લાવણ્યની
અખંડ મૃદુતા તણા તટ પરે સદા યે વસી,
મમ સ્પરશથી અમી તમ કદી ય ડ્હોળ્યા વિના,
પ્રતિચ્છવિ સુરેખ ત્યાં મુજ સદૈવ ન્ય્હાળી રહું,
અને કંઈ અધૂકડાં કવન ગુંજી મારાં રહું.

---------------------------------------------------

# તો ?

તને નયન હોત જો મુજ, અને હતે ન્યહાળ્યું તેં
સદૈવ મુજ દ્રષ્ટિથી  સકળ  તંત્ર  સંસારનું,
શકયો  ન  હત સંભવી કદિ ય તો વિસંવાદ આ,
ન  હોત  વણસ્યા  બધા મૃદુ  મનોરથો આપણા.
અને  ઉભય  આપણે  સુખદ  હૂંફ  અક્કેકની
સદા  અનુભવી, કરે  કર ગ્રહી,  હસી  વિઘ્નને,
સ્રજી  નિતનવીન  કો  મધુરપે  મનોરાજ્યને,
અખંડ  જયકામના  ગજવતાં  હતે  જીવને.
‘અરે !  નયન  હોત  જો  મુજ  તને !’ —રહું
ચિન્તવી;
અને  હૃદય  મુગ્ધ  આ દ્રવતું  એક  નિઃશ્વાસમાં;
મનોરથ  વિનષ્ટ  સૌ નયન પાસ નાચી,  ઘડી
રહે  જ  મુજ મૂંઝવી મતિ; તદા ફરી ચિન્તવું :
નિહાળ્યું  કંઇ  તેં  નહિ  કદિ ય નેત્રથી માહરાં;
પરંતુ  તુજ નેત્રથી નીરખી હું શકયો હોત તો ?

---

# બદલો !

નિરાશાનું માર્યું ઉર મુજ વિમાસી તવ રહ્યું :
તને શું ના આપ્યું ? તવ ચરણ મેં શું નવ ધર્યું ?

મહત્ત્વાકાંક્ષાઓ નદભર બધી મુગ્ધ ઉરની,
બધાં કાવ્યો મારાં, સકળ મુજ સ્વપ્નો નિતનવાં,

બધું મેં તો તારે ચરણ ધરી દીધું હરખથી;
અને ધાર્યું કે આ સકલ રસ મારા જીવનનો

મુખે તારા મીઠું સ્મિત પ્રગટશે ને તહીં મને

મળી રે'શે મારા અરપણ તણો શ્રેષ્ઠ બદલો.

અરે ! મેં વાંછયું'તું સ્મિત વિણકશું ના તુજ કને !

ન'તી વાંછી તારા તન તરુણની તાઝગી, નવા

હતું હૈયે સોણું તવ નયનનિર્વાણ બનવા;

ન બીજાંને, એવું કંઇ મુજ કાજે પણ ચહ્યું;

હતું જાચ્યું મેં તો ઘનવાદળથી બિન્દુ જળતણું.

મનીષા મારી તો ઇતર સહુની જેમ સ્મિતની

સુધા તારી પ્રાશી, તુજ પ્રણયની પૂનમમહીં
હતી મારે હૈયે જીવનરસ ઊંડો વહવવા,

અને સૌભાગ્યોની સુખદ લહરીએ લહરવા.

છતાં યે મારે તો કરમ ન હતું તેટલું ય તે;

અને જ્યારે મારું અરપણ ગ્રહીને તુજ કને,
ઊભો જોતો તારાં ગહ્ન નભ જેવાં નયનને,

નિરાશાએ ઘેર્યું તવ મુજ અભાગી હૃદયને.
ન રંગોની લીલા લલિત તવ નેત્રે પ્રગટી, કે

લસી તારા ગાલે સુરખી નવ પ્રત્યૂષ સરખી;

—અને હૃદય વિદ્ધ મારું મૃગશું પડયું ત્યાં ઢળી.

પરંતુ ઉરમાં થતું અવ મને : નિરાશા કશેં

તદા હૃદય મૂંઝવી મુજ રહી જ ? વ્યામોહ શેં

ધરી હું બદલો રહ્યો તુજ કનેથી યાચી ? અને

વૃથા જ વણસાડી મેં પળ અનન્ય આનન્દની ?

તન પ્રણયમૂર્તિને પદ સમર્પી સર્વસ્વ હું

શકું : ક્ષણ નથી શું એ જ કૃતકૃત્યતાની સ્વયં ?

નવ ઉજાળી શકે ક્ષણ એક આ
સકલ જીવનની ઘન કાલિમા ?
જઈ વીસરી તો પછી ક્ષણ અનન્યની ધન્યતા,

મથ્યો પ્રણયનાં ય તે કયમ હું મૂલ્યને માગવા ?

અને પ્રણય એક કાં ? જગતમાંહિ સર્વત્ર આ

ગ્રહે છ પ્રતિવસ્તુ જ્યાં નિજ સ્વતંત્ર કો મૂલ્યને

તહીં કવણ અન્ય કોઈ સમ સંભવી યે શકે ?

ઉષા નભની નન્દિની, કનકવર્ણ વા સન્ધિકા,

સુહન્ત નભ પશ્ચિમે વિધુની લેખ વા વાંકડી,

અને રજતફેનિલા ગગનગંગ સોહામણી,

અબોલ મરકન્ત મુગ્ધ દ્યુતિ શુક્રતારાતણી,

વળી ગગનગુંબજે ગરજી ને ગડૂડી રહી,

ધરા પર ઢળી ઢળી, ઉર રસેથી એનું ભરી,

પ્રતિક્ષણ નવીન રૂપ ધરી નાચતો મેહુલો,

ગભીર અવિરામ વા રવ મહાબ્ધિના ગીતોનો,

પરાગ કુસુમોતણા, પરભૃતોતણાં કૂજનો,

મયૂરગણકંઠની રમઝટો વ કેકાતણી,

પ્રફુલ્લ અનિમિત્ત વા શિશુ તણી છટા હાસની,

અને સહજ પ્રસ્ત્રવે વહત લ્હાણ માતૃત્વની.

વિભૂતિ સહુ ભવ્ય વા લલિત આ નથી શું રહી

પરસ્પર સ્વતંત્ર મૂલ્ય નિજનું અનોખું ધરી ?

અહીં કશું ન અન્યની સમ રહ્યું; અને સાંપડી

શકે ન બદલામહીં ઇતર વસ્તુ કેરા કંઈ;
જઈ વીસરી તત્ત્વ આ વિવશ હૈયું મારું તદા,

મથ્યું પ્રણયનાં ય તે તુજશું મૂલ્યને માગવા !

ડૂબે ન પછી કેમ એ અતલ એક નૈરાશ્યમાં ?

ક્ષમા કર સખી ! તવ સ્મિતથકી ય નૈરાશ્ય આ

મને પ્રણયનું રહસ્ય અદકું  રહે દાખવી.

હવે હૃદય માહરું પ્રણયને ય ના માગશે

કદાપિ બદલામહીં; રસ અખૂટ એનો હશે

નહિ ગ્રહણમાં, પરંતુ નિજ દાનસાતત્યમાં.
અને તવ પદે નિરંતર શકે જ જો એ ઢળી

હશે હૃદય કાજ શી ઇતર લ્હાણ સૌભાગ્યની ?

---------------------------------------------------

# કયમ ન માનવી પાંગરે ?

અને ખટુક, મંજુલા, કનક સર્વ કાલે જશે
બની અમ સમાન દંભ, ભય, સ્વાર્થનાં પૂતળાં ?

વિલાઇ વિધુલેખ આ પુનિત બાલ્ય નિર્દોષની

જશે બસ શું આથમી, ફરી ન ઊગવા કાજ ? ને

પ્રતિશ્વસનમાં રમી અવ રહેલ આ મુગ્ધતા,

બધો તનમનાટ આ, પ્રણય પૂર્ણ આ, આ બધી

વિશુદ્ધ ઉરની, અને વિમળ સામ્યની ભાવના

શમી સકળ શું જશે ? અમરવેલ આનન્દની
જશે શું કરમાઇ ? ને નયનનીર આચ્છાદશે
સચેત સ્મિત એમનાં ? મધુરપો શું ગાંભીર્યમાં ?

નમેલ કટિપેં ધરી મનુજ દેહનું માળખું

બધાં અમ સમાન શું, ખદબદી રહી કીટશાં,
વિશાળ નિજ જીવને શ્વસન એકલું ધારશે ?

અને સભર સૃષ્ટિમા, અબળ ક્ષુદ્ર સંતોષની

ધરી શું મતિ, પેટમાં પરમ પૂર્ણતા પેખશે ?

અરે ! પુનિત બાલ્ય આ વિકસતાં જ કાલે થઈ

જશે અમ સમાન એ શબ સજીવ શાં ભૂતડાં ?

બધાં શબસજીવશું થઈ જશે જ ? નિઃસીમ આ

નભે નયન ઘૂમતાં વિરમશે ? અને રાચશે

પિતામહતણાં અને પ્રબળ પૂર્વજોનાં, હવાં
થયેલ સ્મૃતિશિષ્ટ સૌ વિભવ, સિદ્ધિ, સમૃદ્ધિનાં

અખંડ જયગાનમાં ? અતળ ભૂત વાગોળતાં
નહીં જ કદિ થાકશે ? ઉપહસી ય પોતાતણી

મનોરથ તરંગની મધુર સૃષ્ટિનાં સ્વપ્નને,

બધાં અમ સમાન શું થઈ જ કાલ ડાહ્યાં જશે ?

ફરી ધસમસી, મહા શર-ઝડીથી ઝંબોળતાં
સમસ્ત કુરુસૈન્યને, અજય એક અર્જુનની

નહીં ગલિત તેમનાં નયનમાં ખુમારી ચડે ?

ન ચેતક પરે ચડી, સમરભોમમાં સિંહશા
પ્રચંડ જ્યઘોષથી, ઉર સલીમનું વીંધતાં

ફરી થનગની રહે હૃદય બાલ આ એમનું ?

પરાગ નિજ પ્રાણનો અફળ વેડફાશે ? અને

પ્રદીપ પુરુષાર્થનો જગતવાયરે બૂઝશે ?

શમી જ શિશુભાવ આ સરળ સર્વ કાલે જશે ?
અને થઈ જશે બધાં કુટિલતાતણાં ક્રીડનો ?

ઝગે ક્ષિતિજને તટે અમળ ઇન્દુની રેખ તે

થતી વિકસતાં સુહાગભર પૂર્ણિમાનો શશી;
વિકાસ સહકારની મૃદુલ મંજરી પામતાં,

ફળે મધુર આમ્રનાં પરિણમે; અને કોકિલા
બને, વનનિકુંજને સતત પંચમાલાપથી

વસન્તસમયે ભરી, મદનકાર્યને સાધતી,
ભલે ઇતર કર્કશ દ્વિજકુલે રહે શૈશવે.

સજાત ફળ સંભવે ઇતર સૃષ્ટિમાં બીજથી,
ન એક મનુપલ્લવે કયમ જ પાંગરે માનવી ?

---------------------------------------------------

# ગાડી જતી'તી નિજ પંથ કાપતા

જામી નિશા ને ધપતી અમારી
ગાડી રહી નિર્જન કાનનોમાં
કો સ્ટેશને થોભતી વેળ થોડી,
ન થોભતાં કયાંક વળી ધસંતી,
ઢંઢોળતી ભીષણ અન્ધકારને
ગાડી જતી'તી નિજ પંથ કાપતી.
મારી જ સામે મદભેર નેને
બેઠેલ લંબોદર શેઠ કેરી
આંખો મહીં ને અતિ સ્થૂલ દેહે
ફરી વળ્યે ધારણ, માંડ ઊઠી,
"ખસૂ તો જરી, એ" કહી દૂબળાને,
ને પાથરી બિસ્તર, દેહ જાડો
ત્યાં ગોઠવીને ચરબી ભરેલો,
સૂઈ ગયા શેઠ.

ઘડીકમાં તો
તચૂકડા નાક મહીંથી તેના
સંગીતના ભૈરવ સૂર ગાઢા
બજાવવા નિંદરબાઈ લાગ્યાં.

ફાટેલ તેના મુખથી સરીને

લાગ્યા ફૂંફાડા તહીં તાલ દેવા.
ને દૂબળો યે નિજ નેણ ઢાળી,

જંપ્યો ઘડી બેસી જ પાટલીને

છેડે, "બધું-એમ-જ-હોય" – ભાવે.

ગાડી જતી'તી નિજ પંથ કાપતી,
ને ન્ચ્હાળતાં શેઠ ઘડીક, તો ઘડી

એ દૂબળાને, હું રહ્યો વિમાસી.

જામેલ કાળા મધરાત પ્હોરે,

ઉતારુ, બેસારુ તણી કશી યે

ધમાલ ન્હોતી; નિજ પંથ કાપતી
ભૂખાળવી સિંહણ જેમ ત્રાડતી,

પાષાણભોમે અતિ ઘેર ગાજતી,

જતી અમારી હતી આગગાડી.

ત્યાં શેઠ પેલા પડખું ફરીને,

જરા કરીને પગ ઑર લાંબા,

"મા...ળી, નથી ઊંઘ જરી ય આવતી"

લવી, નિહાળી રહી દૂબળાને,

અને મને યે કરુણાકટાક્ષે

જરા નિહાળી, નિજ આંખ મીંચે

ને શેઠજીનો પદસ્પર્શ થાતાં
અચિંતવેલો, ઝબકી જઈને
એ દૂબળો શેઠ તણી નિહાળતો
અંગાંગની વિસ્તૃત વલ્લરીને;
અને મિલાવી મુજ નેણ સાથે
નેણો, "નથી ઊંઘ જરી ય આવતી"
કહી, "નથી કૈં જ બન્યું" લહીને,
બેઠો નીચે ને સળગાવી બીડી,
મંડ્યો પીવાને અતિ સ્વસ્થ ચિત્તે.
ગાડી જતી'તી નિજ પંથ કાપતી,
ધસી રહી'તી પડછંદ પાડતી
તોતિંગ પુલે પડઘા, અરણ્યે
તીણી બસૂરી નિજ ચીસ પાડતી.
ત્યાં નિંદરે પાંપણ દૂબળાની
સીવી દીધી; ડોક ઢળેલ તેની,
ઘડી ઘડી આથડી પાટલીએ,
દેતી રહી તાલ અખંડ શેઠના
'મા...ળી,નથી ઊંઘ જરી ય આવતી"
વદી રહ્યા ઘર્ઘર નાકના રવે.
ને ઘોર અંધાર મહીં ધસન્તી

ભૂખાળવી સિંહણ જેમ ત્રાડતી,

પાષાણભોમે અતિ ઘોર ગાજતી,
ગાડી જતી'તી નિજ પંથ કાપતી.
જેવી રીતે આ જગની ય ગાડી,
ધસે છ નિત્યે નિજ પંથ કાપતી.

---------------------------------------------------

# ટકોરા

નિરાશ મારા ઉરની સમી ત્યાં
હતી નિશા શ્યામળ બ્હાર જામી;

ઝદી રહી'તી ઝપટાઈ, તીખી

ત્યાં વીજળી અન્તર મેઘ કેરું

દહી રહી'તી; ઘન યે ગડૂડી

કમ્પાવતો'તો ઉર વ્યોમ કેરું.

કુટીરમાં કમ્પતી કાયથી હું

પડ્યો હતો ટૂંટિયું મારું વાળી;

નેણે હતી ધાર ઢળી રહેલી,
બળી રહી'તી મુજ આગ અન્તરે

હતું મને આજ જરૂર આવશે

તું, તેથી મેં રાહ અમીટ તાહરી

નિહાળવામાં દિન ગાળી નાખ્યો

સવારથી સાંજ લગી ય આજનો.

અંધાર જ્યારે ઊતર્યા, અને આ

ઘેરાઈ આકાશ ગયું ઘનોથી

ત્યારે 'ન આજે ય તું આવિયો' કહી

ઢળી પડ્યો દુર્બળ હું નિરાશ થૈ.

ન જાણું શાને, પણ રોજ મારે

નિહાળવાની તુજ રાહ, અન્તે

ન આવતાં તું બનવું નિરાશ;

અને વિતાવી નિશ જેમ તેમ,

દી' ઊગતાં રાહ ફરી નિહાળવી,

' તું આજ તો નિશ્ચય આવશે' ગણી;

નિરાશ થાવું વળી રાહ જોવી,

વળી નિરાશા, વળી ઝંખના; ને

વીતી દિનો એમ જ માહ્રા જતા.

આજે ય એવું બનતાં નિરાશ થૈ
હું ટૂંટિયું વાળી પડ્યો કુટીરે,

વિચારતાં : 'કેમ તું આજ ના'વિયો ?'

ઝડી રહી'તી ઝપટાઇ બ્હારે

ને વીજળી ત્યાં સળકી રહીને

તડો મહીંથી મુજ બારણાંની

આવી કુતીરે મુજ આંખ આંજતી,

કમ્પાવતી અન્તર મારું બ્હાવરું.
તહીં ટકોરા મુજ બારણે થતા,

એ સાંભળી, આતુર દોડી, બારણું

ઉઘાડું, ત્યાં મેઘતણી ઝડી કો

સૂ સૂ કરી માંહિ પ્રવેશતી અને
કુટીરને ને મુજને પલાળતી.
ને બાર વાસી દઇ, હું ફરીથી
નિરાશ થને પડતો ઢળી ત્યાં
ઝડી રહે છે ઝપટાઇ; વાદળાં
ર્હે છે ગડૂડી, ચમકે છ વીજળી;
વીંટી વળે છે ઉરને નિરાશા,
ને અંગને ટાઢ; અધીર કમ્પતો
વિમાસું :'આજે ય તું કેમ ના'વિયો?'
ફરી ટકોરા મુજ બારણે થતા;
પરંતુ એ તો અમથી જ ભ્રાન્ત સૌ
ગણી વિચારું મનમાં : 'તું આ સમે
કયાંથી જ આવે મુજ રંક બારણે ?
વસન્તના વૈભવમાં ન આવિયો,
ન આવિયો ગ્રીષ્મ તણા પ્રદોષે;
પ્રસન્ન ના પૂનમમાં પધારિયો,
ન આવિયો વા સ્મિતમાં ઉષાના,
સંધ્યા તણી સોનલ પાંદડીમાં
યે ના'વિયો તે કયમ આજની આ
ભેંકાર રાતે, પુર-કાદવોમાં

રજોટવાને પદપદ્મ આઅશે ?

ના, ના, તકોરા તુજ ન્હોય; એ તો

નિરાશ હૈયે ઊઠતી જ વંચના !'

અને પડ્યો હું રહું કોટડીમાં.

ઝીંકાય છે બ્હાર ઝડી, કડાકા
કરી ગડૂડે ઘનનાં દળો, ને

ઝંઝાનિલો સૂસવી સૂસવીને

ફૂંકાય જાણે પ્રથવી ઉખડેવા;
મારે પડે અન્તર આજ ધ્રાસકા.

વંટોળના તાંડવનૃત્ય માંહે

દીવાલ ડોલે મુજ ઝૂંપડીની;

ફટાક ત્યાં બારણું ઊઘડી જતાં

ધસે ઝડી સૂસવતી જ કારમી;

ને વીજળી યે નિજ અંગતેજને

વેરી રહે અંદર બ્હાર ને બધે.

એ તેજમાં દૂર સુદૂર ચાલી

ન્ય્હાળું જતી પ્રીતમ ! કાય તારી.

હતા ટકોરા તુજ એ ? હતો શું

આવ્યો કુટીરે મુજ તું જ આ સમે ?

ના'વ્યો તદા આતુર ઊઠિયો હું,

આવ્યો, છતાં સંશયમાં પડી રહ્યો ?

ઉઘાડવા બારણું યે ન ઊઠયો ?

હવે  ફરીથી  કદિ  આવશે તું ?

---------------------------------------------------

# શાશ્વત યૌવનશ્રી

શાન્તાનુકૂલપવનશ્ચ શિવશ્ચ પન્થાઃ

હું શી વિધે કહી શકું તુજ આ પ્રયાણે ?

તું તો ચહે ગિરિવરો સમ અબ્ધિલોઢે

ન્હાની ય નાવ નિજ ખેલવવાનું કોડે.

આંધી યદા ચહુદિશે ચડતી અને એ

આકાશના અમર દીપ બુઝાવવાને,

ગાંડો મહાબ્ધિ જવ તાંડવ રુદ્ર ખેલે;

જ્યારે શશી, રવિ, ગણો ગ્રહતારકોના
આકાશના કુહરમાં થઈ દીન છૂપે,

ને મત્ત એક જવ અબ્ધિ પ્રચંડ હાસે

માલે અનન્ત પ્રલયંકર ગીતા ગુંજી

ત્યારે યુવાન ઉર તારું ચહે જયશ્રી.
તારે ન મૌક્તિક તણી મનમાં મહેચ્છા;
તારે વિરાટ નિધિના બળ ચંડ સામે

પોતાનું પૌરુષ જ માત્ર ચકાસવાનું,
ને એ વિધે કરવું યૌવનને કૃતાર્થ.

આજે ય તું ઉર તણી તુજ એ અભીપ્સા
સંતોષવા જલધિ મેર સુકાન વાળે;

બીજા યદા અનુભવી જલખેડુતો સૌ

તીરે  રહી,  ધડકતા  હૃદયે  નિહાળે

કંકાળ  તાંડવ મહાબ્ધિની ઊર્મિઓનું,
ત્યારે   રમે  સફરનાં  નવસાહસોનાં

સ્વપ્નોની સૃષ્ટિ નવલી તુજ નેત્ર સામે.

તેને કહું કયમ હું,‘વાયુ હજો પ્રશાન્ત ?’

વા ‘માર્ગહો સરળ ને શિવ હો પ્રવાસ ?’

ચિત્તે વિમુગ્ધ, શઢ પૂર્ણ ફુલેલ તારી

નૈયા તણા નિરખી હું રહું મૌન ધારી,

ને રેખ એની ક્ષિતિજે જઈ ઝંખવાતી

ત્યાં વન્દું ધન્ય તુજ શાશ્વત યૌવનશ્રી.

---------------------------------------------------

# અમાસ

મને ગમે અદ્‌ભૂત ને અનન્ય આ
અંધારી તો યે રજની અમાસની.

મને ગમે બીજની ચન્દ્રરેખા,

પ્રતીચીની શોભન ટીલડી શી;

મુગ્ધા તણા કો શરમાળ દેહના
વળાંક શી, મોહક જેની બંકિમાં.

મને ગમે આઠમની ય શોભા,

તમિસ્ત્રને તેજ થકી ઉજાળતી;

ને તેજને આછ દઈ તમિસ્ત્રની,

નિગૂઢતા કો અતિ રમ્ય ધારતી.

અને વસે પૂનમની પ્રસન્નતા

મારે ઉરે, જ્યાં મૃદુતા મંયકની

પૃથ્વી તણા અન્તરમાં, અમીથી

સુષુપ્ત સૌન્દર્ય ફરી જગાડતી.

બીજની બંકિમાથી હું પૂર્ણિમાના પ્રસાદને,

મૌગ્ધ્યથી નિરખું તો યે વાંછું એક અમાસને.

અન્ધારને અર્ણવ બૂડતાં ભલે

સૌન્દર્યનાં ધામ સમસ્ત લોકનાં;

ઉદ્દીપનો સૌ સુકુમાર કાવ્યનાં
શમે ભલે એકલ શૂન્યતામાં.
છતાં નિશા એ જ ચહું અમાસની,
અનન્તા જ્યાં નભની થતી છતી;
જ્યાં શુક્ર કેરા શુચિ, શીત સૌમ્યના,
ને ભૌમકેરા સુરખી થકી ભર્યા,
પુંજો પ્રભાના લહરાય તો યે,
ઝગી શકે એકલ તારિકા યે,
શકે ઝગી દુર્બલ કોડિયું યે,
ને પાથરી તે ય શકે પ્રકાશને.
શશી તણી સૃષ્ટિ ગમે છતાં ય તે
અનન્ય હું તો ગણું આ અમાસને.

---------------------------------------------------

# ત્રીજો દિવસ

ગગડયાં યુદ્ધનાં જેવાં ત્રીજે દિવસ દુંદુભિ,
ને ટંકાર થયો પ્હેલો ચાપનો, તે ઘડી થકી,

પાર્થો શું વિજયશ્રી આ વરસી સ્મિતને રહી,
અને કૌરવસેનાં ઓટ ઉત્સાહની થઇ.

ભીમ ને ભીમનો પુત્ર ભવ્ય પેલો ઘટોત્કચ

ઘૂમી બે ય રહે જાણે સાગરે વડવાનલ.

લણાતાં ધાન્ય, વેરાઇ પડેલાં કણને ચણે

પારેવાં, શુક ને ભોળાં ચકલાં, ત્યાં યથા વિધે

સીંચાણા સૂસવી આવે સહ્સા કયાંકથી, અને
ઊડી જાય ગ્રહી ચાંચે ફફડન્ત વિહંગને;

પિતા પુત્ર તણાં તેવાં સહ્સા શર આવતાં,
યોદ્ધાને કૌરવો કેરા ટપોટપ ગ્રસી જતાં.
અને મધ્યાહ્ન પ્હેલાં તો નિરાશા ગાઢ કો ફરી

વળ્યે, કૌરવસેનામાં નાસાનાસ મચી રહી.
દુર્યોધન નિહાળી આ નિજ સૈન્ય તણી ગતિ,

ચાલ્યો ભીષ્મતણી પાસે ખિન્ન ઉદ્વિગ્ન ચિત્તથી.

તેને નિરખતાં પૂછયું પૌરવોના પિતામહે :
'કેમ ? શા કાજ બેટા તું દીસે આજ ઉદાસ છે ?'

દુર્યોધન વદ્યો : 'ના, ના, એ તો અમથું આપને

લાગે છે; આપ બેઠાં શી ચિન્તા યે હોય માહ્રરે ?'

'એમ તે હોય ? તારા આ વદને ખેદ વ્યાપતો

છાનો કેમ રહે ? ક્હેને શાને ઉદ્વેગ ધારતો ?'

'શાનો ઉદ્વેગ ને શાનો ખેદ ? કૈં યે મને નથી;

એ તો દ્રષ્ટિ સદા હોયે પક્ષપાતી વડીલની.
તેથી તો આપને લાગે મુખ મારું ઉદાસ આ;

બાકી હોય મને શું આ તપે જ્યાં તેજ આપનાં ?'

'તો ય આ ?' હસતા, એને વૃદ્ધ નેણે વિલોકતા

પિતામહ રહે પૂછી, ;તો ય આ મુખભાવ શા ?'

'મુખભાવ ? નહિ.-હા, હા-કાલના એ પ્રસંગની

પડી કૈંક હશે છાયા; બાકી આજ કશું નથી.'

'પ્રસંગકાલનો ? ભાઇ, તને શું ખટકે હજી
વત્સ લક્ષ્મણ કેરી એ દોહ્યલી વીરની ગતિ ?'

'ના રે, એ ખટકેશાની ? મારે લક્ષ્મણ કયાં હતો

પુત્ર એક જ કે તેના મરણેશોક હું કરું ?'

પિતામહ મથે એનાં તાગવા વક્ર વેણને,
ને તેને અધમીંચેલા નયને નીરખી રહે.
દોર્યોધન વધે રાખે : 'મારે પુત્ર, પિતામહ !

બીજા છે અતિ તેજસ્વી, અભિમન્યુ, ઘટોત્કચ.

ર્‌હેંસ્યો લક્ષ્મણને કાલે  ભલે  ને અભિમન્યુએ,

ને  આજે  કૌરવ  કેરી  વાડી વેરાન થાય છો

ભીમપુત્ર  તણા  હાથે; અજે વિધ્વંસ છો થતો

સો  યે  કૌરવ  કેરો  ને  કૌરવોના  સહાયનો
ને  ભલે  પાંડવો  કેરો  દિગન્તે યશ ગાજતો;

તો  યે  પાંડવના પુત્રો તે છે પુત્રો ય માહરા;

તેમના કરથી  લેશે  પિંડદાનો ય આત્મ આ.'

પામીને  પાર  વેણોનો,  પિતામહ  ધરી  રહે

ગભીરું  મૌન, તે ન્યહાળી દુર્યોધન ફરી વદે :

' એ તો ઠીક થયું કે આ નથી કર્ણ હવાં અહીં;

ને  નહિ આવશે  યુદ્ધે  હશો આપ તહીં લગી.

નહિ  તો  શાં ય દુર્ભાગ્ય થાત કૌરવ વંશનાં,

કે  પુત્રો  પણ પાર્થોના પિંડ દેવા રહેત ના !

એ તો સુજ્ઞ જ છો આપ કે પ્રશાન્ત હજી રહ્યા

ને મારા વંશની રક્ષા સ્થિર ચિત્તે કરી રહ્યા !'

–અને  ગાંગેયને  અંગે  રોષ રાતા ભભૂકતા;

વૃદ્ધ  કંઠ  થકી ઘેરી  સરતી  સિંહગર્જના.
દુર્યોધન  તણાં  વેણે  વીંધતાં, નેણ  રોમમાં

વ્યાપતાં વહ્નિ, કમ્પે છે એનમો અધરોષ્ઠ ત્યાં.

ને  ટંકાર  કરી  તીખો,  ધનર્ધર  ધનુષ્યનો,

ધસે છે રથમાં બેસી પાર્થસૈન્યએ પિતામહ.
કાલેયો હણવા કાજે ધસે જેવા શચીપતિ,
એવા આજ ધસે ભીષ્મ પાર્થના સૈન્યની ભણી.

ન્હાળીએ રોજ તો યે જે રૌદ્રતા ન ચખે ચડી

ચંડરશ્મિ તણી, ગ્રીષ્મે અચિંતી તે થતાં છતી,

એના એ વાયરા જેમ વહ્નિઝાળ વહાવતા,

ને સરો પણ એનાં એ શોષ કંઠે વધારતાં;

ઢાળીને શિર ઊભે છે કુસુમો કરમાઇને,

વૃક્ષકટોરથી વ્હીલાં વિહંગમ ખરી પડે;

જડ ચેતન સૃષ્ટિ સૌ સૂમસામ બની રહે,
ને પ્રભાતથી ઝંખે સૌ કૈંક શીળા પ્રદોષને;
તે વિધે ભીષ્મના ભાળી આજે ભીષણ ભર્ગને,

ને છટા કારમી એના નિહાળી અસ્ત્રશસ્ત્રની,

કલ્પેલી ય નહિ એવી સુણી ડણક એહની,
કૌરવો પણ થંભે છે ભરાઇ ભયવિસ્મયે,

એના એ રથમાં બેસી, એના એ ભીષ્મ ઘૂમતા,
ને એનાં એ જ અસ્ત્રોને પાર્થને સૈન્ય ઝીંકતા;

તો યે આજ અનોખી કો દિપ્તી ભીષ્મ ધરી રહે;

ને અપૂર્વ જ તેજેથી દઝાડી પાર્થને રહે.
કયાં પ્રશાન્ત સદાના એ પુણ્યમૂર્તિ પિતામહ !

ને કયાં આ કાલના યે કા કાલાશ કુરુપુંગવ !

અવિશ્રાન્ત રહે છે એ રેલી શરની ધારને,
ભેળીને સિંહશા ઘેરા નિજ કંથનિનાદને.
કૈંકને ખડ્ગથી ઢાળે, ગ્રસે છે કૈંકને શરે,
કૈંકને મુશળો કેરા પ્રહારે ચૂર્ણ એ કરે.
કૈંકના પ્રાણને સોસે તેજેથી નયનો તણા,
તો વળી નિજ દુર્ધર્ષ ત્રાડેથી કૈંકને હણે.

નેણની તર્જના, ઘેરી ગર્જના, અસ્ત્રશસ્ત્રની
ઝાપટો ચોદિશે ઢાળી પાર્થના સૈન્યને રહી.
ચોમાસે ચરતાં જેવાં વડાં વૃન્દો અજાણતાં,
વનરાજતણી ઘેરી સુણતાં માત્ર ગર્જના,
ને અડચે નેણની એનાં પિંગળી પાવકપ્રભા,
ગળી ગાત્ર જતાં જેવાં થઇ નિશ્ચેષ્ટ સૌ જતાં,
તે વિધે ભીષ્મની ત્રાડે મૃતકલ્પ થઇ જતું,
સૈન્ય પાંડવ કેરૂં ને કૌરવી બળ વાધતું.
ને ધસે ભીષ્મ સેનામાં પાર્થની, જે વિધે ધસે
વેગથી વિનતા કેરો પુત્ર પાતાલમંડલે,
છૂંદે સાપોલિયાં તો યે રાખીને દ્રષ્ટિ નાગપેં,
તે વિધે, શોધતા નેણે અધીરાં પાંડુપુત્રને.
પણ પાંડુ તણા પુત્રો, છોડીને માર્ગ ભીષ્મનો,

ભળી કૌરવ સેનામાં ખેલે છે દાવ શૌર્યનો.

હાંફતા શ્રમથી, ક્રોધે ગાજતા ભીષ્મનો તહીં

ધસે છે રથ સંગ્રામે રથની પાસ ધર્મના.

“ચેતજે પાર્થ !” ગર્જીને શરની ધાર વર્ષતા

ઘોર પુષ્કરના જેવા પિતામહ તૂટી પડ્યા.
પણ પૃથ્વી તણા ઊંડા પેટાળે નિજ મૂળને

ફેલાવીને ઊભા કોઇ તોતિંગ વડના સમા,

યુધિષ્ઠિર રહ્યા ઝીલી ઝીંક ગાંગેયની અને

પ્રગટી ય રહ્યા સામી કલાને નિજ ક્ષત્રની.

ઘડીમાં શરથી એ તો આવરે રથ ભીષ્મનો,

ઘડીમાં ભીષ્મનાં બાણે વીંધાયે દેહ એમના.

ઘેડીમાં મેઘનું ભાસે સર્વથા બળ ખૂટતું;

પરસ્પર રહે ખૂંપી શરો તે પુંગવો સમા

ખંખેરી પલમાં બન્ને રમી આજ રણે રહ્યા.

કૂદીને સહસા ત્યાં તો રથેથી કુરુપુંગવ,
ભરીને ફાળ, વેગેથી ચડે છે ધર્મને રથ

ને ઝીંકી કાલના કાળા દંડ શું નિજ મુશળ,

પ્રહરે ધર્મરાજાનું વિશાળું વક્ષમંડળ.

અચિંત્યા અણકલ્પેલા પ્રહારે લથડી પડી,
મૂર્છામાં ઢળતો ત્યાં પાંડુંનો પુત્ર અગ્રણી.

સારથિ લઇને તેને રથ દૂર લઇ જતો;
અને વિજયનાદેથી ગર્વે ગાંગેય ગાજતો.

પણ ત્યાં તો નિહાળે એ સામેથી રથ આવતો

સવ્યસાચી તણો વેગે, ધરા ધમધમાવતો.
પૂર્વમાં મેઘની પૂઠે જેવો બાલાર્ક દીસતો,

તેવો કૃષ્ણ તણી ઓથે દીસતો મૌલિ પાર્થનો.

ઊડે છે રજનાં કાળાં પટલો મેઘ શાં બધે,

હાંફતા હયમુખેથી ફીણોટા તે મહીં ઊડે.
કિરણો અસ્ત્રશસ્ત્રોનાં રચી ત્યાં વીજળી તણા

સળાકા, રથને શોભા આવર્તકની અર્પતાં.

ભીષ્મના રથની પાસે આવ્યો જ્યાં રથ પાર્થનો,

ત્યાં તો "પાર્થ ! તું આવ્યો કે ?
શોધતો'તો હું કયારનો !"

ગર્જના ભીષ્મની એવી સંભળાય અને સરે

શિલિમુખ તણી ધારા પાર્થકેરી ધજા પરે.
કપિધ્વજ તણો ત્યાં તો ધ્વજદંડ ધરા પરે,

પડે છે સહસા, જેમ પક્વ કો ફળ વાયરે.

મૂંઝાઈ, નયને ધારે પાર્થ ગાઢા વિષાડને,
મધુસૂદનનાં નેણો રોષે જાસુદ શાં બને.

"સજ્જ ગાંડીવધારી થા :
પાછો શાનો વિષાદ આ ?"

પાર્થને પડકારે ત્યાં ફરીથી કાળ કંસના.
ને વદે : “સવ્યસાચીને શોભતા ઉપચારથી

હજી કેમ ન પૂજા તું કરે આ કુલવૃદ્ધની ?

આપે તું અર્ધ્ય તે પ્હેલાં આશિષો વરસી રહ્યા

પિતામહ, છતાં તારાં હજી ના ઘેન ઊડતાં ?”
“વિષાદે નથી વાર્ષ્ણેય ઘેરાયો હું જરા નથી

ઘેનમાં અથવા ડૂબ્યો, નથી ભૂખ્યો પ્રમાદથી.
પણ આ અન્તરે કાંઇ-ન જાણું શું ય-થાય છે,
અને અકળ રીતે આ મતિ મૂંઝાઈ જાય છે.

ઓળા કાલ તણા ગેબી આંખને મુજ આવરે,

અદીઠો સોસ અંગોનાં બધાં ચેતનને હરે.’

“જશું શિબિરમાં ત્યારેર ?” વક્રનેણે હસી રહી
પૂછે છે પાર્થને એના રણના રથસારથિ.
પાર્થ પ્રત્યુત્તરે એના પ્રત્યંચા નિજ તાણતો,

અને ભીષ્મભણી તીણાં શરને વરસી રહ્યો.

પણ આજ શરો તેનાં લક્ષ્ય ચૂકી ઊડી રહ્યાં,
ભીષ્મના રથની દૂરે સુદૂરે એ સરી રહ્યાં.
મૂંઝાઇ અદકો એ તો અદકાં શર છોડતો,
લક્ષ્યચૂક થતાં પાછો મૂંઝાઈ અદકો જતો.

ને તેના વદને કાળી નિરાશા કો ફરી વળે,

કૃષ્ણનાં અંગ ક્રોધેથી કમ્પી કૂંપળશાં રહે.

વિજેતાને મુખે જેવું રમી વિરલ કો રહે,

અટ્ટહાસ  કરી તેવું  પૂછે  છે ભીષ્મ પાર્થને :

“થાકી આજ ગયો, ભાઈ ? શાને તો શ્રમ તું કરે?

લે,ઘડી જંપ, નિદ્રામાં” –ને વર્ષી શર એ રહે,

તીક્ષ્ણ, નાગફણા જેવાં, જેણે અર્જુન ઢાળિયો

મૂર્છામાં, મચવી  એને અંગે તીવ્ર પ્રકમ્પ કો.

ને ધનુષ્ય  સર્યું નીચે  કરમાંહિથી પ્રાર્થના :

“ સવ્યક્સાચી !  સખા !”  બોલી  ન્યહ્ળતા

રથમાંહિ  ત્યાં,

સ્તબ્ધ  કૃષ્ણ  થયા  દેખી   કૃપણ  પાર્થની,

નિશ્ચેતન  પડયો’તો  જે  શવશો રથની મહીં.

અને ભીષ્મતણી ભાળી મુખે વ્યાપી કૃતાર્થતા,
રોમે રોમે રહ્યું ધારી  રોષની તીવ્ર  રક્તિમા;

કોટિકોટિક  સૂર્યોની  દીપ્તિ  ભીષણ  ધારતું,

સુદર્શન    ગ્રહ્યું   એણે   કરે   પ્રલયવર્ષતું.

ને ધસ્યા બ હીષ્મની સામે, અંગે ક્રોધેથી કમ્પતાં,

ચક્રપાણિ  મહાવેગે, રુષ્ટ  કો  રુદ્રના  સમા.

મહામેઘ  વિશે   જેવી  દમકે  દામિનીપ્રભા,

સળકે  ચક્રની તેવી  કૃષ્ણના  કરમાં  પ્રભા.

કૃષ્ણના કરમાં ન્યહ્ળી મૂર્તિ આ મૃત્યુ ઘોરની,
બન્ને સૈન્યો મહીં વ્યાપી થથરાટી ભયે ભરી :

ત્યાં તો ગાંગેયના શબ્દો સર્યા ગૌરવથી ભર્યા,
" આવો, કૃષ્ણ ! મુરારિ !

લો આ તજું શસ્ત્ર માહ્રરાં,

મધુસૂદન ! ચક્રેથી છેદીને શીર્ષ માહ્રરું,

મારો વિજય સ્વીકારો : આટલું બસ પ્રાર્થું હું."
" તમારો જય ?"-"હા, મારો જય,"
ગાંગેય ગાજતા;
અને વિસ્મયથી એને વાસુદેવ વિલોકતા,

" પ્રતોજ્ઞા તમ નિઃશસ્ત્ર રહેવાની, પરંતપ !
ભુલાવીને, ઝલાવું હું શસ્ત્ર, એ જ નથી જય ?
આવો, સત્ત્વર શીર્ષે આ ચલાવો ચક્ર આપનું,
આવો, પૂર્ણ જયશ્રીને ઝંખે છે ચિત્ત માહ્રરું."

– અને કૃષ્ન તણે હસ્તે ચક્ર નિશ્ચલ થૈ જતું;

રોષે રાતું થયેલું એ મુખ મ્લાન થઇ જતું.
પ્રતિજ્ઞાભંગની લજ્જા હૈયે એને ફરી વળે;
અને ગાંગેય કેરા એ પ્રતીતિ બળની કરે.
આજીવન રહ્યા ધારી પ્રતિજ્ઞા દઢ જે રહ્યા,
એ ભીષ્મ કયહીં ? ને કયાં પોતે, સંક્ષોભ જેમના
હૈયાની દઢતા માત્ર દ્રવાવે પલવારમાં ?
અને મૂર્છા વચ્ચે પાછી રમણા પાર્થની મચી;
સન્ધ્યાએ તો છતાં ધારી છાયા ગૂઢ વિષાદની.

---------------------------------------------------

# તારા દરસથી

ઉષાના આલોકે ગગન જ્યમ રંગો અવનવા
ધરે, વા જે રીતે જલ જલધિકેરાં ઉછળતાં

શશીનાં નેત્રોની તરલ દ્યુતિ એને સ્પરશતાં,

ધરે રકંગો એવા હ્દય મુજ તારા દરસથી.

ન'તો મારો તારો પરિચય કદિ, વા નવ હતો

કદિ પૂર્વે જામ્યો મનમનતણો મેળ મધુરો,

ઉગી ઓચિંતી તું મુજ પથવિશે જીવનતણા,

અને થંભેલાં સૌ જીવનજળ મારાં સળકિયાં.

સખી ! હૈયું મારૂં સતત તવ કાજે તલસતું,

તું દીઠે ઘેલું એ અભિનવ ઉછાળે ઉછળતું;

અને દેખે ના એ કદિક દ્યુતિ તારા નયનની

તદા !-રે ! શેં જાયે સકરુણ દશા એની વરણી ?
વિલોકે જો એની પળ પણ તદા તું વિધુરતા,
દયાથી યે આપે તુજ ઉર તું એને નિવસવા.

-----------------------------------------------

# ગિરિધર ! ગોકુલ આવો

ગિરિધર ! ગોકુલ આવો,

ગિરિધર ! ગોકુલ આવો.

વૃન્દાવન બંસીબટ સૂનાં, સૂનો જમુનાઆરો,

ગોકુલની ગલી ગલી પુકારે, કયાં છે નન્દદુલારો ?

ગિરિધર ! ગોકુલ આવો.

પંખીતણા કલકંઠ ભરાયા, હરિણ તજે મુખ તરણાં,

ગોધણ વ્રજનાં ભમે બ્હાવરાં, શોક સુકાયાં ઝરણાં.

ગિરિધર ! ગોકુલ આવો.

દિવસ રહે તમ કાજ તલખતો, રાત રહે મીટ માંડી,

ફ્હોર ફ્હોર પ્રભુ નામ પુકારે, ગિરિવર ભયો ઉદાસી.

ગિરિધર ! ગોકુલ આવો.

ને તમ રાધા રસિયાજી ! આ બન ઠન કર અલબેલી,

'ક્હાન ! ક્હાન !' કરી કુંજ નિકુંજે —— અરે !

કથા શી એની ?

ગિરિધર ! ગોકુલ આવો.

આવો પ્રભુ ! ગોપીજનવલ્લભ ! એક વાર અહીં આવો.

સ્નેહ બન્યો વેરી કેવો અમ તે જોવા તો આવો.

ગિરિધર ! ગોકુલ આવો,

ગિરિધર ! ગોકુલ આવો !

---

# અપાઇ મુજથી ગયું

તને ભીખારીને શાને આપવું ? દાખવી દયા
શાને તારા સમા લાખોતણી આળસ પોષવી ?
કોટિ કોટિ મનુષ્યોની કતારો રાંકડી અહીં
આઠે પ્હોરે, બની માત્ર પશુ, અંગાંગ તોડતી;
તે છતાં પામતી ખાવા અન્ન ના પેટ પૂરતું;
તેને ઉવેખીને શાને ભીખારીને કશું દઊં ?
બેસીને બસમાં, જાતો હતો ત્યાં દીઠી મેં તને,
ને રહ્યો આમ રોષેથી ભરી મારા હું ચિત્તને.
પણ ત્યાં દીઠું મેં તારી કેડે શિશુ વિરાજતું,
તારા જેવું જ ગંદું ને ફળ તારી જ વેલનું;
અમારી જ્યાં મળી આંખો. હસી એ સહસા પડયું,
ને એ હાસ્ય ઉરે મારા ભાવ ઊંડા જગાડતું.
દૂર દૂર વસ્યાં મારાંનું મને સ્મિત સાંભર્યું,
ને ન'તું આપવું તોયે અપાઈ મુજથી ગયું.

---

# ભભૂતને

(1)

જીવને મમતા મીઠી પ્રેરતી ને પ્રબોધતી
આત્મામાં સૌમ્ય ને સ્વસ્થ લીલા લલિત સ્નેહની
આર્દ્ હૈયાતણા કૈં કૈં વ્રણોને જે રુઝાવતી.
સંજીવની સખી ! તારી હરાતાં વિધિહસ્તથી,
હૈયે ઊંડો પડેલો આ વ્રણ કોણ રુઝાવશે ?
કપાતાં પાંખ હૈયાનું પંખી રે કેમ ઊડશે ?
તારી વિદ્યુત્ પ્રભાથી તે ઉજાળી અંધકારને
નિરાશાનાં દળોમાંયે સ્વસ્તિકો ચારુ ચીતર્યાં,
એ બધા આજ વીલયા, આજ અન્ધારનાં દળો
ઊમટી ઊમટી મારાં નેત્ર ને હૈયું રુંધતાં.
છે પ્રવાસ હજી બાકી, ઘેરે અન્ધાર પંથને
નિરાવલંબ ઉરે મારા શૂન્યતા ઘોર ઘૂઘવે.
નમેરા મૃત્યુમાતંગે તારી જીવનપોયણી
ઉચ્છેદી, આશઉત્સાહે સ્વપ્ન રમ્યે ભરી ભરી
મારા હૈયાની સૃષ્ટિને પણ સંગે લીધી હરી.
હવે આલંબવું તારી સ્મૃતિને સર્વદા રહ્યું,
ને સ્મરી સ્મરીને સૂના જીવને ઝૂરવું રહ્યું.

‘ અનન્ત કો ધામ મહીં ફરીથી
મળીશું કયારેક, યદા ઝરી જશે
કાયાતણા કુમ્ભ થકી અશેષ સૌ

રહ્યાં સહ્યાં જીવનબિન્દુઓ સખા !'
શ્રદ્ધાની કથની એવી કર્ણદ્વારે પ્રવેશતી,

ધીરતા કિન્તુ હૈયાની એથી અધિક ડૂલતી.

દેહનાં બન્ધનો ભેદી, સંગમાં તુજ મ્હાલવા

અધીરૂં પ્રાણપંખીડું વ્યગ્રવ્યાકુલ થાય આ.

ને સખા ! દિવસો વીતે, ક્ષીણાક્ષીણ શશિપ્રભા

ક્રમેથી થેતી ચાલે ને કાલનાં કાલકૂટ આ

ઘૂંટાતાં અદકાં ચાલે; જીર્ણ યૌવન, જીવન
સર્વ કાંઈ થતું ચાલે; પણ એક જ શોક આ
તારા વિરહનો વ્હાલા, ઉત્તરોત્તર વાધતો

જીવને મૃત્યુની મીઠી પિપાસાને જગાડતો.

(2)

વીતે દિન પર દિન, રજની પર રજની જતી,
મનનું તો યે મીન, હજી યે તુંવણ તરફડે.

દિન વીતે, જોબન ઘટે, ઘટે સરિતનાં નીર,

એક ન તારો વીર, શોક ઘટે નિત વાધતો.

યાત્રી કૈંક હઝાર ભવસાગરમાં સેલતાં,

તેમાં કયાં રે પ્રાણ ! મારો તારો નેહડો !

નહિ નાતો, ન પિછાન, કયાંનો તું ? કયાંના અમે ?
જાગી જોતાં વાર જનમાંતરની પ્રીતડી.

ઓચિંતો તુજ મેહ મુજ આભે ગોરંભિયો,

અન્તર નવલે નેહ છલકાયું મારું ભાઈલા !
કુંજે મુજ કુંજાર પ્રાણબપૈયો ગ્હેકિયો,

અમ્રતની તુજ ધાર અગન શમાવે એહની.

તું સરવર, હું મીન, હું ચાતક, તું મેવલો,

તુજ મલ્લારે લીન મનડું મારું મોરલો.

અન્તરના ઉલ્લાસ તુંવણ મુજ થ્યા પાંગળા,
એને એક ઉચાટ, પોષણહાર કયાં પામવો ?
હાસ્યે હરખવણહાર હજી યે જગમાં સાંપડે,
પણ શોક શમાવણહાર તુંવણ કયાં રે શોધવો ?
સહુ મશ્ગુલ સંસાર નિજનિજની રમત્યું વિશે,
તેમાં એક ઉદાર ભાળ્યો તુંને ભભુતડા !

દિલ દુનિયામાં દોહ્યલું,
ને દોહ્યલું ગુમાન વિનાનું ગન્યાન,

દિલ ને સાચું ગમ્યાન દીઠાં તુંમાં, ભભુતડા !
જળમાં રે'વું રોજ, પણ પળ યે ભીંજાવું નહીં,
અન્તરનો અવધૂત કમળ સમો તું, આલિયો.
રાગ નહીં, નહિ ખાર, ભાવ અભાવ ન ઓરતા,
હૈયું હેતઉદાર સાગર શું સમથળ રહ્યું.

નહિ કોંટો, નહિ કલેશ, નહિ મદ કે મચ્છર નહીં,
એકલરંગી હંમેશ હંમેશ દુલ્લો તું તો દિલનો.
'મોટા' દીઠા લોક કંઈ કંઈ હૈયે નાનડા,

નાને મોટપનો ય મે'રામણ તુમાં છલ્યો !

પોપટ  પઢે  અનેક  પોથાં  પંડેતાઈનાં,
પણ કોક જયું જ્યમ એહ જીવતરમાહે જીરવે.
ડંખ  વિનાનાં  હાસ્ય કેરો તું  તો હાથિયો

જીવતરનાં કંકાસ ઘોળી તું પચવી ગયો.
અનુભવનાં એંધાણ પગલે પગલે પામવાં.
નિર્મળ તોયે પ્રાણસરવર તુજ હેલે પાડયાં.
હૈયે ગૂઢ વિષાદ, મરકલડાં  તોયે  મુખે,

રસ ઊંડો ને વેરાગ જીવતરમાં તેં જોગવ્યાં.
પેટ થકી સૌ હેઠ, જગની જૂની રીત એ,
પણ પર કાજે તેં છેક પેટ ગણ્યું નિજ પારકું.
શમણાં  સંભારું  વ્રેદુઃખ  તારું વિસરવા,

પણ અદકાં નોધારું કાજળ કોરી એ રહે.
વ્રહાનલમાં આજ શમણાં તો સરપણ થયા,
દિન દિન દિલના દાહ વીરા ! મારા વાધતા.
હયાહીણાં  લોક,  હૈયું  કોને  દાખવું ?

હૈયે માંડે કોક, તું જ્યમ અમિયલ આંખડી.
કમળે કાદવનાં ય  રૂપો  રઢિયાળાં  હતાં,

કમળ જતાં કરમાઈ, કાદવ તો કાદવ રહ્યા.
વ્રેદુઃખ દી’ ને રાત વધુ ને વધુ વસમું બને,
પણ એક જ એમાં આશા, કે આઘેરાં ઓરાં થતાં.
પળથી પ્રકટે દિન, દિનથી મહિના મ્હોરતા,
મજલ કપાતી વીર ! આવું નિત નિત ઢુકડો.

---------------------------------------------------

# ચાહું છું માડી ! હું —

ચાહું છું  માડી ! હું તારા  ભવ્ય એ  ભૂતકાળને.

ચાહું ના કેમ ? તું સાચી  હતી  ત્યારે  વસુંધરા.
સૃષ્ટિનોપ પોષતી આત્મા, વિસ્તરી સંસ્કૃતિસુધા
આછેરા  કુંકુમે   આભે  ઊગતી'તી  હજી  ઉષા

માનવીજાતિની, ત્યારે લાધ્યાં'તાં  તવ  કુજમાં

જ્ઞાનવિજ્ઞાનનાં   મોંઘાં   સત્યરત્નો  સનાતન,

જેણે માનવવંશોને  આપ્યાં  છે  દિવ્ય  દર્શન.
ને તારા શૈલશૈલે ને  અણુ  યે  અણુમાં  ભરી

કથા સંમોહિની માડી ! શૌર્ય ને  સ્વાર્પણોતણી.

ચાહું  છું માડી ! હું તારો પ્રતાપી ભૂતકાળ એ;
પણ આજ મને  એને  સ્મરવો પણ ના  ગમે.

પ્રતાપી ત્વત્કલા કયાં એ ? કથા કયાં આ કલંકની ?
કલંકિત ઉરે ખૂંચે  સ્મૃતિ  એ  શલ્યના  સમી.

માડી ! જે કૂખથી તારી પાક્યાં રત્નો મહાદ્યુતિ
ત્યાં આજે  પાકતી સેના અધમાધમ  જન્તુની,

અલ્પમાં જ વસી જેની કલ્પના સૌ અનલ્પની !
આજે તો દાસ્ય ને દૈન્યે  અલ્પાલ્પ  સૌ થયાં,

અધમ સ્વલ્પસંતોષે શ્વાસોચ્છ્ વાસ ભરી રહ્યાં.
સિદ્ધિઓ આથમી ચાલી, અભિલાષોય સિદ્ધિના
અમ અલ્પ ઉરોમાંથી આઘે  આઘે સરી ગયાં.

ને અમે જ હસી આજે નમેરું તે પરે રહ્યા !

નાનાશા જીવને, નાના આવડા એક પેટને

પરમેશ ગણી, તેને તોષવાને ભગીરથ

પ્રયત્નો ને પ્રપંચોની રચી દીર્ઘ પરંપરા

સ્વમાન, મુક્તિ, બુદ્ધિને હણી પ્રતિપળે રહ્યા.

પુરુષાર્થ મહામોટો અમે એને જ માનતાં.

ભૂતનો વારસો ભૂલ્યો, મૂંઝાતી મતિ ભાવિમાં,
વર્તમાનૈકમાં રાચી, આરાધી એહને રહ્યા.

વિરાટ ક્ષુદ્રને માની, માની ક્ષુદ્ર વિરાટને,

ક્ષુદ્રમાં જ રહ્યા શોધી સારસર્વસ્વ જીવને !

માનવીસંસ્કૃતિ જ્યારે આખી અગ્નિમુખે પડી,
શ્રેયપ્રેમતણા જ્યારે અવસાનતણી ઘડી,

સેના કાલોડસ્મિની જ્યારે ગ્રસવા સૃષ્ટિને ચડી,
ત્યારે યે અમ આંખો તો સાંકડો સ્વાર્થ શોધતી !
ન પવિત્ર કશું જેને, વન્દ્ય યે ન કશું રહ્યું,

શ્વાસોચ્છ્ વાસ વિના જેને આદકું ઈષ્ટ ના કશું,
સત્ય, માંગલ્ય, માનવ્ય સામગ્રી ઉપહાસની
જેની પાસે બની જાતી તેવાં અધમ જન્તુથી,
જનેતા ! ઊજળી તારી આજે તો કૂખ લાજતી.

—ને અમે જન્તુઓથી યે દીનહીન બની ગયાં,

તો ય તું વર્તમાને આ વિષણ્ણ પંકમાં પડી,

મહાકારુણ્યની તારી હૈયાધારા વહાવતી.

નભલક્ષ્મીનું સૌન્દર્ય ધારતી ને વધારતી

શુભ્રે હિમમયે શૃંગે, માળા તવ હિમાદ્રિની,

અબ્ધિની મેખલા મોંઘાં મૌક્તિકોથી ખચાયલી,
જાહ્નવી યમુના જેવી પુણ્યનીરા પયસ્વિની;
આત્માની ત્વત્કલા માડી ! સુફલા, શસ્યશામલા;
આ બધાં હજી યે રાજે સત્ત્વો શાશ્વત તાહરાં.

ક્યાંક માનવ્યભાવોને મૂર્ત ગાંધીમહીં કરી,

ક્યાંક સૌન્દર્યસારેથી રસી વાણી રવીન્દ્રની,

તો કયહીં વિસ્તરી પુણ્ય પરાગો અરવિન્દથી

હજી વાત્સલ્યમાધુર્યે અમને તું નભાવતી.

કષ્ટમાં ય વહાવી શાં પ્રણયૌદાર્ય તું રહી ?

ચાહું છું મૂર્તિ હું તારી પ્રતાપી ભૂતકાળની,

તેથી યે અદકી ચાહું મૂર્તિ આ કરુણામયી

—જેમાં જીવનની તારી કવિતા છલકી રહી.

---

# વિજોગ !

ધન આષાઢી ગાજિયો, સળકી સોનલ વીજ,
દૂરે ડુંગરમાળ હોંકારા હોંશે દિયે.

મચવે ધૂન મલ્હાર કંઠ ત્રિભંગે મોરલા,

સળકે અન્તરમાંહ્ય સાજણ ! લખલખ સોણલાં
ખીલી ફૂલબિછાત, હરિયાળી હેલે ચડી,

વાદળની વણજાર પલ પલ પલટે છાંયડી.

ઘમકે ઘૂઘરમાળા સમદરની રણઝણ થતી,

એમાં તારી યાદ અન્તર ભરી ભરી ગાજતી.

નહિ જોવાં દિનરાત : નહિ આઘું, ઓરું કશું;

શું ભીતર કે બહાર, સાજણ ! તુંહિ તુંહિ એક તું

નેણ રડે ચોધાર તોય વિજોગે કેમ રે ?

આ જો હોય વોજોગ, જોગ વળી કેવા હશે ?

---

# પુનર્જન્મ

મૃત્યુ આજ અહો ! મ્હોર્યું ! ઊઠયું જીવન પાંગરી !
વ્યાપી શરદની સ્વચ્છ રહી સર્વત્ર સત્પ્રભા,

પલ્વલે પંકજશ્રીનો કેવો જામ્યો વિલાસ આ !

ફૂલનાં ફગરો જેવી વાદળી રસળી રહી,

અજાણ્યા અભિસારે શી સોહાગી રહી સંચરી !

મૂકીને મન આજે આ કૂજે મીઠું વિહંગમો,

કેકા જેની સુદૂરેની ગજાવી ગિરિકન્દરા,

પડઘા પાડતી, હૈયાં લાખલાખ જગાડતી,

આવતી ઘુમરાતી ને પરાગે પ્રસરી જતી !

ઢળે છે ક્ષિતિજે પેલી ભૂખરી માળ અદ્રિની,

ને અહીં હરિયાળી આ રમણાએ ધરા ચડી !

પ્રભાતાનિલ મન્દેથી મર્મરી તડ આ રહ્યાં,

ને ઝૂલે નાળિયેરીનો નીલશ્યામ કલાપ આ;

સોનેરી સૂર્યનો ત્યાંથી ચળાઈ તડકો ઢળે,

ઘાસની માખીઓ તેમાં ધીરું ગગણતી તરે.

ચલ્લી ને કાગડા ગાતાં : નાચતાં આ પતંગિયાં;
આજે ચેતનની છોળે ઝીલતું વિશ્વ સર્વ આ.

રસની ભરતી શી આ ? વડો વૈભવ શો લસ્યો

રંગનો ? રૂપકેરો ? ને રાગનો ને પરાગનો ?

કોના રે સ્પર્શથી પૃથ્વી રોમાંચે આમ નાચતી ?

કોને રે સ્પર્શ અબ્ધિની ઝમકે જલઝાંઝરી ?

કોની અંગુલિને સ્પર્શે વિશાળાં આભની તળે

જે જે કૈં તે બધું માત્ર સાર સૌન્દર્યનો બને ?

નાનેરું ઝરણું : ઝીણું એવું વાદળી ફૂલડું,

સરુની સળીઓ, પંખો નાળિયેરી-કલાપનો,

ગોરંભેલી ઘટા આંબા, પીપળા, ગુલમહોરની,

વાયુંના માદક સ્પર્શે ધીરેધીરેથી ડોલતી.

રંગીલા ફૂલકુવારા ચંપા કેના કરણેના,

વેલીથી ગાઢ આલિંગ્યાં, વળુંધ્યાં વૃક્ષનાં વન;
ને પેલો પૃથ્વીહૈયામાં સ્પન્દતા નૃત્યભાવની

મૂર્તિ શો, છેલછોગાળો, રંગીલો અંગભંગથી,

સરગવો ઝીણકાં એનાં પાનની જાળી ગૂંથીને,

નીલાકાશ વિશે ભાત રૂપાળી ઉપસાવતો.

વાયુની લ્હેરને સ્પર્શે ડોલતો, ફૂલ વેરતો,

નભની પૂર્વ પીઠે એ એવો તો શોભી ઊઠતો

કે ન શોભી હશે એવું કુબ્જાયે કૃષ્ણસ્પર્શથી.

આજે સૌન્દર્યનો એવો પમરી પ્રાણ કો રહ્યો

કે માત્ર નહિ આ સર્વ : કિન્તુ ઠૂંઠાં વિરૂપ ને

ભૂંગળાં મિલનાં, ગાડાં,ગંજીઓ ઘાસની, વળી
જીર્ણ વાવતણું થાળું, બુરજો શીર્ણ કોટના,

તારનાં દોરડાં, પાટા રેલના, પુલ, ટાંકી ને

તાડછે છાઈ માટીની ઝૂંપડીઓય ચિત્તને

મૂળથી હલવી નાખે : ઊંડેરાં સળકે જળ :

ખીલીને ફૂલ શું હૈયું, બનતું ફરી નિર્મળ.

જડચેતન સત્તોને નિજમાંહિ સમાવતી

અન્તરે ભરતી આજે પ્રેમે છલકાતી ચડી.

આજે અભદ્ર ના કાંઈ, ના વિરૂપ, પરાયું ના,
આજે તો સ્નેહસૌન્દર્યે લસે વિશ્વ સમ્રગ આ.

પ્રાણને આજ કો લ્હાણ પુનર્જન્મની લાધતી,

ને મારું ન કશું તોયે મને આ સુષ્ટિ લાગતી

આખી મારી જ, માહરી !

---

# ઊડો !

ઊડો જી હંસારાણા ! મુગતોને બાંધણાં શાં ?
ઊડો, પથરાયાં નભ આ મોકળાં હો જી.

પવનો બંધાણાં, રાણા ! બંધાણાં પાણીડાં ને
કણકણ બંધાણા પ્રથમી માતના હો જી.

રુદિયામાંહેલો રાણા ! બંધાણો રામજી ને
બંધાણાં તેજો અપરંપારનાં હો જી.

મુગતીની જેણે રાણા ! રોપી ત્યાં ઝંખના ને
માટીને જેણે કીધી મ્હેકતી હો જી.

અંધારે જેણે રાણા ! મારગડા આળખ્યા ને
થાવરની ભાંગી જેણે ભોગળું હો જી.

એવા સતગરુને રાણા ! શબદે આ વાયાં વ્હાણાં,
રુદિયાનો જો જો ! જાગે રામજી હો જી.

ફફડાવી પાંખો રાણા ! ઊડો, આનન્દો હાવાં,
તમે ને રામૈયો રુદિયામાંહ્યલો હો જી.

---

# મુક્તિમંગલા

તે દિને આજ ઊગી'તી અમારી પુણ્યપર્વણી,

સાંપડી સ્વપ્નની સિદ્ધિ, તપની સાધના ફળી.

યુગોતણી આથમી કાલરાત્રિ,
પ્રફુલ્લી પ્રત્યૂષની તે દિ પાંખડી,

દાસત્વનાં બન્ધન દૂર સૌ સર્યાં,

માટી મટી, માના સૌ અમે બન્યાં.
કે કાજે કૈં શહીદો એ સીંચ્યા'તાં નિજ શોણિતો,

ને હોમ્યાં હીર હૈયાનાં, સાંપડી તે ઘડી અહો !

માડી ! હતી વિકટ શી તવ કષ્ટયાત્રા !

ચોમેર એક બસ છાઈ હતી તમિસ્રા;

ને શી હતી નિબિડ એ વનરાજિ ઘોર,

જેમાં ન માર્ગ, નહિ કેડી, ન ભોમિયો કો !

ત્યારે શાં ભાગ્ય ! કે તારે પોપચે સ્વપ્ન મુક્તિનું

ઝૂલિયું, મૃત્યુને હૈયે જાણે જીવન મ્હોરિયું !

પ્રકાશની ઝાંખી થઈ છ જેને,

સહી શકે શી વિધ એ તમિસ્રને ?

જેને ઉરે જીવનગીત જાગે

સહી શકે મૃત્યુનું મૌન એ કશેં ?

અટૂલી, એકલી મૈયા ! સાથી કે સાધનો વિના
સંચરી પ્રભુપ્રેર્યા તું સ્વપ્નની સિદ્ધિને પથે.
માર્ગે દુર્ગમ અન્તરરાય રચતી કૈં અદ્રિમાળા નડી,
ખૂંચી તું કળણોવિષે,
પડી વળી દંષ્ટ્રામહીં હિંસ્રની,
ઝંઝાવાત અને તુફાની ધરતીકંપોય કૈં કૈં થયા,
તોયે હૈયું ન હાર્યું હામ,
પગલાં પાછાં ન તારાં પડયાં.
સંકટે સંકટે શ્રદ્ધા બની સબળ તાહરી,
વિઘ્ને વિઘ્ને રચી ગાથા ભવ્ય તેં પુરુષાર્થની.
ને એક દિ અદ્ ભૂત એક ઊગિયું,
જન્માન્તરોનું અમ પુણ્ય પાંગર્યું,
અસંખ્ય સતોન્તણી સાધના ફળી,
તારી ઊગી મંગલ મુક્તિની ઘડી !
અનન્ત કાલને હૈયે ઊઠતી ઊર્મિઓ સમાં
છ છ સંવત્સરો ઊગ્યાં એ પછી, ને શમી ગયાં.
એ કાવ્ય છે આમ કલંક અને કલાનું,
ને ધૂપછાંવ બળ ને બળહીનતાનું,
એમાં મનુષ્યમહીંથી પશુ પાંગર્યાં ને
ઊઠ્યાં જ પાંગરી વળી પશુથી મનુષ્યો.

અમારા મુક્તિદ્રષ્ટાને મૃત્યુની દેતી દક્ષિણા,
અમે દ્વેષભરી ન્હ્ફાળી ફૂંક, તો ન્હ્ફાળી ફૂંકયે
ગાંધીની કોટિ હૈયાના વ્રણમાત્ર રુઝાવતી,
પ્રેમામૃતમયી, વિશ્વે વિભુના વરદાન શી
અસહિષ્ણુ બનીને જો અલ્પતામાં અમે સર્યા,
તો ભૂંસી ભેદ યે નાખ્યા છે અમે ધર્મ-જન્મના.
ને સેવ્યું છે સ્વપ્ન અમે સુમંગલ
અનન્તસોહાગ વસુન્ધરાનું,
જ્યાં જન્મથી કોઈ ન ઉચ્ચ, નીચ વા,
મનુષ્યની જ્યાં ન થતી વિડંબના;
દૈવાયત્તં કુલે જન્મ। તેનો જ્યાં હર્ષશોક ના,
સ્વાયત્ત પૌરુષે જેમાં વીણવાનાં વસુ સદા;
જ્યાં માનવીમાનવીની સમાનતા,
હૈયાવિષે જ્યાં ભયહીન બન્ધુતા,
જ્યાં માનવીન ઉરકેરી સત્કલા
શકે લસી મુક્ત હવા-પ્રકાશમાં.

*

ને આજે સાતમી જ્યારે જ્યંતી મુક્તિપર્વની
ઊગી છે, અન્તરે ત્યારે ઊર્મિઓ શી શી જાગતી ?

જે સૃષ્ટિનું સુન્દર સ્વપ્ન આલખ્યું
તે તો હજી ઝૂલી રહી હવામાં
હજી ન વીત્યો ઉરનો શિયાળો
વસન્તનું બીન બજી ઊઠયું છતાં.
સ્વાતંત્ર્યનો સૂર્ય ઊગી ગયો છતાં
ન મુક્ત હ્યું ચડતું હિલોળે;
કે ચશ્રશીને રસ મંજરીનો
હજી નહિ કોકિલ કંઠ ખોલે.

વિસંવાદતણી વાણી અભદ્રા એની એ હજી,
ને હજી પણ છાયા એ દૈન્ય ને દૌર્મનસ્યની.
તે છતાં જનની ! શાને અકળાઉં અજંપ હું ?
વીતતી રાત્રિને ધ્યાને, ઊગતાંને ઉવેખું શું ?

ત્રિકાલને મીટમહીં સમાવતો,
હું માનવી, યાત્રી અહીં અનન્તનો,
હું ભૂતકેરો પરિપાક છું અને
સજીવ છું બીજ વળી હું ભાવિનું.

હું નથી પશું, કે ન્ય્હાળું માત્ર આ વર્તમાનને;
ભૂતની સ્મૃતિને તેજે વિલોકું હું ભવિષ્યને.

*

આ શૈત્યમાં ચેતનહીન ભાસતો
ભલે, છતાં સ્પર્શી રહ્યો વસન્ત;

આજે ભલે એ બળહીન ભાસે.

પરંતુ છે આવતી કાલ એની.

આવતી કાલનાં શ્રેયપ્રયો જો મ્ફોરશે જ તો,

મ્ફોરશે માત્ર આમાંથી, અન્યથા કદિયે નહિ.

( અને કેમ નહિ મ્ફોરે ? પ્રતાપી ભૂતકાલ યે
હતો એક દિ પોઢયો ના ભાવિના ગૂઢ ગર્ભમાં ?)

એ શ્રેય ને પ્રેયતણો પ્રસાદ,
વસન્તકેરો વર એ વિલાસ,

માણી રહ્યાં આવતી કાકકેરાં

હશે શિશુ : જીવન ધન્ય કેવાં !

ને કોણે કહ્યું હુંયે એ શિશુઓમાંનું એક થૈ
નહિ માણી રહું એને, નામરૂપ ધરી નવાં ?
વધાવું તેથી હું આજે ફરીથી પુણ્યપર્વણી,

બજાવી મંગલા જેણે મુક્તિની અમ રાષ્ટ્રની.

-----------------------------------------------

# વિપર્યય

મટકુંય નથી માર્યું હજી એક, તહીં જ આ
હાથતાળી દઈ વીતી ગયાં શું વર્ષ આટલાં ?
ગયા દાંત, જવા માંડ્યા વાળ ને કાય જર્જર
થવા લાગી. બધું એ તો ઠીક. રે ! કાલ કાલનું
કરી કામ રહ્યો : તેનો શોક શો ? હર્ષ વા કશો ?
પરંતુ ખટકે મારા હૈયામાં આ વિપર્યય,
કે પહેલાં, દૂરદૂરેનાં ગામો ને નગરોથકી
લક્ષ્મી, સત્તા, પ્રતિષ્ઠાનાં જૂજવાં સ્વપ્ન સેવતાં,
કૈં કૈં આશાથી પ્રેરાતાં મનુષ્યોની કતારને
રોજ સાંજસવારે જે લાવતી ને ઉતારતી
સિદ્ધિસમૃદ્ધિહોતી આ વિશ્વમોહિની ભૂમિમાં,
(વાવતી સ્વપ્નને જાણે ભૂમિમાં પુરુષાર્થની !)
આવતી ગાડી : તે જોતાં ઊઠવું નાચી તે હવે
હૈયું આ તલસી ઝૂરી મચાવે ફફડાટ શા
અધીરું, નીરખી એને દૂરનાં ગામની ભણી
જવા ઊપડતી રોજ સાંજરે ને સવારમાં !

---

# મૃત્યુને

મૃત્યુ રે ! આવવું તારું મને આજ ગમે નહિ !

ન કે જીવનના મારા અધૂરા રસ છે રહ્યા.

અધૂરા જ રહે એ તો સૌના : સદ્ ભાગ્ય મારું કે
નવે રસ હું ચાખીયે શક્યો જીવનના જરા.

માન થોડુંક ને થોડું ધન, થોડોક પ્રેમ ને

થોડો ધિક્કારયે, થોડું ઝૂલણું હર્ષશોકને

હીંચકે : આ બધું હું તો પામીયે અહીં છું શકયો.

એટલુંય મળ્યું, ભાઈ ! કેટલાંને ? નહિ, નહિ,

અસંતોષ નથી મારે હૈયે એનો જરા પણ.

મને તહીં મળ્યું, છોને ઘડીકેય, તથાપો આ

નિજ ચૈતન્યનું ઓહો ! કેવું સ્ફુરણ માણવા !

અને ચંચળ વિશ્વે આ સદા નિશ્ચળ નિશ્ચિતિ

એકમાત્ર જ તું : તેને ટાળ્યું ટાળી શકાય શેં ?

અને શક્ય જ ન્હોયે જો તને ટાળવું તો પછી

કેમ રે શાન્તિથી તારી સંગમાં નહિ ચાલવું ?

છતાંયે કહું કે આજે આવવું તારું ના ગમે

જરા પણ મને; જ્યારે યુગોના યુગની તજી

અનન્ત જેવી નિદ્રાને, તજી આળસને વળી

થયો બેઠો અને પૂર્વે ન દીઠો, નવ વા સુણ્યો

માનવીજાતિએ, એવો પ્રયોગ વિરલો કરી

મથી દેશ રહ્યો મારો, કાજે નવ વિધાનના,
નિજના જ નહિ, કિન્તુ અહો ! જગ સમસ્તના
ત્યારે નિજ નિચોવીને આયખું જવું રે ગળી

ભળી સિદ્ધિવિષે ભાઈ ! ભગીરથ પ્રયોગની :
અહોહો ! ભાગ્ય આ કેવું મળ્યું અદ્ ભૂત રે મને

અહીં મનુજને સાચા મનુ જેમ જિવાડવા,

નથાઇ નદીઓ કેવી રહી આ ! ધરતીતણે
પડેલી અંતરે સુપ્ત સિદ્ધિઓ પ્રકટાવીને

રચવા કેવું વેરાને મથી નન્દન સૌ રહ્યાં

અને સુરત આખા આ દેશની પલટાવવા !

અહો ! જગત કેવું આ મીટ માંડી રહ્યું અહીં

અમારી પર ! જેવો આ ઘડીશું ઘાટ સૌ અમે

અમ ઘાટ ઘડાશે હો તેવો જગ સમસ્તનો !
આવું કવણને ભાગ્ય સાંપડયું ભૂતકાળમાં ?

અથવા મળશે કોને વળી અવ ભવિષ્યમાં ?

સાંપડયો અમને આ તો કાલ એક ત્રિકાલમાં !

લોકકલ્યાણના યજ્ઞે અમારું અણુયે અણુ

હોમી દેઇ, મળ્યો મોકો પામવા કૃતકૃત્યતા !

મને તો ઉરમાં થાતું : હતે નવજવાન હું

અત્યારે તો ? –અને આંખે પડદો આંસુનો ઢળે

અને ભીતરમાં હૈયું ચચણી આગમાં જળે !

તદા કેમ ગમે તારી સંગમાં આજ ચાલવું ?

તને મરણ ! તેથી હું કહું કે ના મને ગમે

જરાયે આવવું તારું અત્યારે, મિત્ર તું ભલે !

જાણું છું તોય કે ભાઈ ! તારું ધાર્યું જ તું કરે;

આવવું જ હશે ત્યારે આવશે તું અવશ્ય રે !

તેથી તો ભઈલા ! આજે આટલું એક વીનવું :

કે ભલે આવજે, ધાર્યું આવવાનું જ હોય તો;
પણ ના આવજે તારા ધામનાં ચિર શાન્તિના

મને લઈ જવા : આજે શાન્તિના ખપતી મને !

આવજે, કિન્તુ, નેપથ્યે ઘડીએક લઈ જઇ,
નવા નામ અને રૂપે સજ્જ પાછો મને કરી,

નવા જોબનના બ્હારે તન ને મન સંભળી

મને તરત મૈયાને ફરીથી અંક મૂકવા !

---

# શિખરું ઊંચાં —

શિખરું ઊંચાં ને મારગ આકરા.
નહિ કોઈ સાથ કે સંગાથ,

નહિ ત્યાં કેડી કે નહિ વાટ,
ચડવાં ચઢાણો તસુ તસુ એકલાં.
શિખરું ઊંચાં ને મારગ આકરા.

લિયે એ મારગ નર કોઈ બંકડા,

છોડી આળ ને પંપાળ,

રાખી રામૈયો રખવાળ.

કાચી રે છાતીનાં બેસે તાકતાં.
શિખરું ઊંચાં ને મારગ આકરા.
ચડે એ ઊંચે, જે માંહે ડૂબતાં,

જેને આતમનો સંગાથ,

એનો ઝાલે હરિવર હાથ.

પંડને ખૂવે તે પ્રીતમ પામતાં
શિખરું ઊંચાં ને મારગ આકરા.

-----------------------------------

## ફફડાટ

હજીય ફફડાટ કાં વિહગ ! તાહરો ના શમે ?
હતું કનપાંજરૂં : મણિ ની વાસયષ્ટિ હતી :

હતાં નયન નેહથી છલકતાં સદા નાથનાં :

તદા તુજ ઉરે સ્ફુરી નભ વિરાટની ઝંખના !
વનેવનતણાં રહ્યાં વિલસી સોણલાં આંખમાં !

અને નભ યદા અસીમ મળ્યું ઊડવા, મ્હાલવા,

તદા તુજ ઉરે રમે નવલ મ્હોરથી ઝૂકતી,

પ્રમત્ત આલિગુંજને મુખર ડાળ સહકારની !

અરે અબુધ ! વર્તમાન વિસરી તું વીતેલનાં

સુખસ્મરતણીને સદૈવ રટતું ! રમે ભાવિના
મનોરથતણી સદા મધુર સૃષ્ટિની માંહિ વા !

પરંતુ કયમ ભૂલ ? એક દિન કાલ આ ભાવિમાં

નિગૂઢ જ હતો : અને સુખદ ભૂતકાલેય તે

હતો કદિક વર્તમાન. ફફડાટ શાને જ આ ?

---

# કબ્રસ્તાન જોઈને

’અરેરે છોકરાંયે આ ! એનાં અળવીતરાં !
જીવતાંને જ ના; કિંતુ મરેલાંનેય જંપવા
ઘડીયે ન દિયે કેવી કૂદાકૂદ કરી કરી !’

બેઠેલા ધણના જેવી તમારી કબરો પરે
નાચતાં ખેલતાં, કૂદી બુમરાણ મચાવતાં

બાળકોને નિહાળીને મારા હૃદયને થતું

કે ‘અરે છોકરાંયે આ !’

વાયરે ત્યાં વસન્તના

ડોલતી નાળિયેરી ને વાયે છે વૃક્ષ વીંજણા;

ફૂલડાં વરસે ઝૂકી નમેલી ડાળીઓ થકી.
ને પ્રેલમ્બ રહી છાયા પત્રરેખા રચી જહીં,

તમારી કબરેથી એ, વાણી જાણેર સ્કુરી રહી :

સનાતન કુવારા શાં, ચિન્તા ને ભયમુક્ત સૌ

રમે બાલક, કેવું એ આજે વિરલ દર્શન !

એ કાજે અમ જેવાંની એક શું ?લાખ જિન્દગી

તણો ક્લેશ બની જાતો સ્વયં આનંદની ઘડી !’

---

# ચિ. ઉષાબ્હેનને

હજી કાલે જ તો પ્હેલું તારું રુદન સાંભળી
અધીરું મુજ હૈયું આ ઊઠયું રણઝણી હતું;
મીઠી વાત્સલ્યની ફૂટી સરવાણી તહીંથી, ને
મને જીવનની મારી લાધી તેમાં કૃતાર્થતા.
ને આજે તો સજીને તું લગ્નનાં વસ્ત્ર મંગલ,
તારા સંસારને ઊભી બેટા ! પુનિત આંગણે !
વર્ષો આ જોતજોતામાં વહી આમ ગયાં અને
વેળા આવી રહી ઊભી આજે તારી વિદાયની !
ન કે એ કલ્પી ન્હોતી કે સાંભળી ન કદી હતી;
કે ન મારા જ સંસારે આવી એ વસમી ઘડી
જાણું છું, સર્વ સંસારીતણે ભાગ્ય લખી જ આ
ને મેંયે કંઈ વર્ષોથી હતી યોજી વિચારી આ;
તોયે વાસ્તવનું જ્યારે ધરતી રૂપ કલ્પના,
ત્યારે કલ્પાય ના તેવી ઉભરાય ઉરે વ્યથા.
મારા સંસારને જેણે ફૂજી કલ્લોલતો કર્યો,
ને જેણે નિજ હાસ્યેથી એને રસથી સંભર્યો,
દીક્ષા વાત્સલ્યની જેણે દીધી પ્રથમ જીવને,
પ્રાણનો પ્રાણ ને દેહ દેહકેરો તું મારી તે

બસ, આજ થશે બેટા ! પરાઈ જ સદા હ્વે ?

અહ્રો સંસારની લીલા ! પાળી પોષી ઉછેરિયાં

પંખી તે ફૂટતાં પાંખ, ઊડી આમ જ શું જતાં
રચવા પોતપોતાના નીડો જગની કુંજમાં ?

અરતુ ! ઊડો ભલે, બેટા ! વિશ્વનો ઉન્નતિક્રમ

રચે જે જે મહ્રાધર્મો માનવીની સમક્ષ તે

સ્વાર્થે કે સ્નેહ્દૌર્બલ્યે ઘટે કદી ન રોધવા.

શિવાસ્તે સન્તુ પન્થાનઃ, વાયુ શાન્તાનુંકૂલ હ્રો !

રસની તવ સંસારે કશીયે ન મણા હ્જો !

પરાયાંને બનાવી જે પોતીકાં ક્ષણમાં લિયે

ને સર્વત્ર રહે સીંચી પ્રાણ ને પમરાટ જે,

તને પુત્રિ ! વરો એવું સાચું દાક્ષિણ્ય સ્નેહ્નું !

ઉત્તરોત્તર સૌન્દર્યે હ્રો રસ્યું વિશ્વ તાહ્રું !

આપણા કુલના દેવ, દાદાજી, ગુરુદેવ ને

બા, ભાઇ : સર્વ સ્વર્ગેથી વર્ષી વર્ષી શુભાશિષો

શ્રેય ને પ્રેયના સાધો તારા પુણ્ય પ્રસાદને !
તારા જીવનની વીણા બજો આનન્દસ્પન્દને !

ને તારા સુખમાં સાચું અમારું સુખ સૌ વસો !

અમારા રંક સંસારે સાચી સમૃદ્ધિ એ હ્જો !

---

## વર્ષગાંઠે

આયુષ્યની લહરી એક વળી વિરામી;
આ કાલના ઉદધિમાં ગણના શી એની ?
જન્મે મરે ક્ષણક્ષણે જન જ્યાં અનેક
ત્યાં જન્મનું જ ધરવું કશું રે ગુમાન ?
ને મૃત્ય જ્યાં અરવ તોય પદે અચૂક
ભૂંસી જવા પગલી રેતી પરેની સર્વ
આવી પ્રતિક્ષણ નજીક રહે છ તેમાં
શો વર્ષગાંઠ ! ધરવો તુજ હર્ષ હૈયે ?
ના અન્યથી લવ જુદો દિન આ; નથી આ
આજે અનન્ય કશુંયે મુજ સૃષ્ટિમાંહે;
છે સર્વ એનું બસ એ જ : તથાપિ કાં આ
કલ્લોલી ગાન રહું આજ કૃતાર્થતાનાં ?
આવ્યો ન હોત અહીંજો ? મનમાં વિચારું :
તો કયાં મને મળત આ બધું માણવાનું ?
આ નીલ નીલ નભની નિતનવ્ય શોભા,
તારામઢેલ મધરાતની રમ્યતા આ,
આ રૂપ ને રસનું કાવ્ય વસુન્ધરાનું,

મીઠું જેને અણુઅણુ લસે સત્ત્વ સૌન્દર્યકેરું

એનો મારો પરિચય વધે રાતદી' જેમ જેમ,
મારો થાતો દઢ વધુ વધુ સ્નેહનો બન્ધ તેમ.

ને તેજ ને તિમિરના ધૂપછાંવ જેવું

ક્યાં માનવીનું મળવું ઉર આ રૂપાળું ?

આ રુદ્રરમ્ય મનુજીવનકેરી લીલા

કયાં હોત મેં નિરખી જો નવ હોત હું ત્યાં ?

મારે આવ્યે થઈ વસુમતી ના ભલે લેશ ધન્ય,

હું તો આવી અહીં બની ગયો સર્વથા ધન્ય ધન્ય !

આજે વર્ષો પછીય દિન એ હું સ્મરું છું કૃતજ્ઞ,

જ્યારે મારાં પ્રથમ જ અહીં ઊઘડયાં નેત્ર મુગ્ધ.

---------------------------------------------------

# વિષણ્ણ વય વૃધ્ધ !

વિષણ્ણ વય વૃદ્ધ ! આયુભરનાં બધાં સાથી ને
સમોવડ વિદાય થાય; રહી જાય તું એકલો !
ગ્રહી જ તવ અંગુલિ ડગુમગુ શીખ્યાં ચાલતાં
જનો, અવ બધાંયતે નવલ પોતાપોતાતણી
રહ્યાં સ્વપ્ન સૃષ્ટિને તરફ આંખ મીચી ધસી.
તને વળવી જે હતાં જન રહેલ તેને હવે
જવું વળગવા રહ્યું, અહહ તાહરે, ભાગ્ય એ.
જતો વળગવા તું; ને ખસી જવા ચહે દૂર એ !
નવાં નહિ નવાં, જુદાં પણ ખરાંય એવાં-જનો,
(ને મેળ મનનો મળે કયહીંય જેમની સંગ રે !)
તહીં વસવું માત્ર ની, રિઝવી એમને જીવવું !
શરીર તણી ક્ષીણતા ખટકતી નથી એટલી,
રહે ખટકી જેટલી ઉરની આ નિરાધારતા.
વિષણ્ણ વય વૃદ્ધ ! દુ:દહ ચિરાયુ કેરી સજા !

---

# બેસી જોયાં કરું

બેસી જોયાં કરું
ઋતુતણું ચક્ર અવિરામ ચાલ્યા કરે
શિશુમુખે ટશર યૌવનતણી ફૂટતી,
યૌવને કરચલી કોતરાઇ જતી;
કરચલી કાળને ઉદર જાતી શમી,
ખિલખિલાટી થકી ફરી હવા છલકાતી.
ભરતી ને ઓટની, ઉદર ને અસ્તની,
રાત ને દિનની ઘટમાળ ચાલ્યે જતી.
ચક્ર ચાલ્યા કરે
પણ ન મુજ મન ઠરે;
અનુભવી હું રહું એકલી ઓટને.
વૃક્ષ આ અહીં ખડાં !
કેટલી વાર ત્યાં પાંદડાં ખરી ગયાં ?
કેટલી વાર નવ પર્ણ ત્યાં પાંગર્યા ?
ફૂલ ખીલે, ખરે; ફરી ખીલે, ફરી ખરે;
દિન પછી દિન ઊગે, આથમે : કાળની
મંથરાનાં વિચેષ્ટિત બધાં આંહી હું
બેસી જોયાં કરું :
જોઈ બેસી રહું.

---

# દીપદાન

હું જાણું છું,
જોનારાંને રસ માત્ર દીવામાં છે,
દીવો કોનો છે તેમાં નહિ.
તે તેય હું જાણું છું
કે ધ્ધીકમાં તો મારો દીવો
બીજા સંખ્યાતીત દીવાઓની સાથે
એવો ભળી જશે
કે
મનેય એ પારખવો થઈ પડશે અઘરો.

તે તોય,
હું શા માટે મૂકી રહી છું મારો દીપ

આ થોડે દૂર વળાંક લઈને

અદ્દશ્ય થઈ જતા જલપ્રવાહમાં ?

---------------------------------------------

# જાઉં ક્યાં ?

અરીસા પાસેથી
હું આઘો ખસ્યો જ નથી;

ને મુગ્ધભાવે મેં નિહાળી છે
મારી પ્રિયતમાની આંખમાં પણ
છબિ તો મારી પોતાની જ.
મારી વર્ષગાંઠ
મેં ઊજવી છે
વરસમાં બબ્બે વાર
તિથિ પ્રમાણે
ને તારીખ પ્રમાણે પણ.
આજે હું ગૂંગળાઉં છું.
અરીસો મને દીઠો ગમતો નથી :
ને પ્રિયતમાની આંખમાં
પ્રતિબિમ્બિત થતી
છબિ જોઈને હું છળી મરું છું.
હું નાસવા મથું છું,
પણ નાસી નાસીને હું જાઉં ક્યાં ?

---------------------------------------------

# હાથ જોડાઇ જાય

બાલપણાની ટેવથી મારા હાથ જોડાઇ જાય.

દેવુનું ભાળું દેરું કે ભાળું, લ્હેરતી ક્યાંય ધજાય

ભગવો ભાળું ભેખ કે કંકુકેસરકેરી છાંય;

નાતાં નાતાં નિત નાનપણે
જેનાં મુખથી રટતાં નામ

એવી નદી પડે નજરે કે એવું તીરથકેરું ધામ;
ભાણેથી ઊઠતી વેળ કે સાંજે પ્રગટે દીપ ને વાર,

બીજની જોતાં વેંત જ રેખા, હાથ જોડાઇ જાય.

હુંયે જાણું નહિ એવી રીતે
મારા હાથ ભેળા થઇ જાય.
ભણ્યાગણ્યા મારા મિત્રને લોચન
કોત્યક આછું છવાય,
બાળપણાની ટેવ ન છૂટે
મોટપણે પડી ટેવ નવી તેય કેડો ન મૂકે કયાંય.
આપમેળે અણુચિંતવ્યા મારા હાથ જોડાઇ જાય.

આંબલે ભાળું મૉર મદીલા.
કે લીમડે કાતિલ કૉર,

જોબનિયું ગાંડું જાગતાં રાતી ટશરે સ્હોતો થોર,

કેસરી છોગલે લ્હેરતો ન્યાળું વરણાગી ગુલમ્હોર,

ચૈતર ચાંદની રાતને ટાણે રાતરાણીની ફોર,
કમળનો ન્હાળું ઊગતા સૂરજતેજકેરો અંઘોળ,

સાંજસવારે ઊઠતો ખીલી પંખીડાંનો કલશોર.
ડાળીએ ઝૂલતાં ફૂલ જ્યાં ભાળું;

આંખ પૂગે તહીં લગી નીલુડા જળકેરા ભંડાર,
યાળ હલાવીને ધસતા જાણે સાવજ ભરતા ફાળ,

ઘૂઘવતાં એવાં માથોડાં ઊંચાં મોજાની નીરખું માળ,

હું ન જાણું : હૈયે શું શું થતું !
મારી આંખ મિચાઇ જાય,
બાલપણાના સાથી હસે તોય હાથ ભેળા થઈ જાય.

ધરતી ! તારી પ્રીત બંધાણી,
પ્રીતમાં પ્રીતનજીની એંધાણી;
હોય સવાર કે સાંજનું ટાણું –

કેવું ટાણું ? હવે કેવું કટાણું ?
જડ ને ચેતન —

જડ અરે કયાં ? ચેતન ચેતન ઓચ્છવ માંડે આજ,

હૈયું મારું બની જાય નરસૈયો ને હાથ જોડાઈ જાય.

---

**મનસુખલાલ મગનલાલ ઝવેરી**

**જન્મ : 3** ઓક્ટોબર, 1907

**જન્મસ્થળ :** જામનગર

**અવસાન :** 28 ઓગસ્ટ, 1981

**કાવ્યસંગ્રહો :**

ચન્દ્રદૂત (1929)

ફૂલદોલ (1933)

આરાધના (1939)

અભિસાર (1946)

અનુભૂતિ (1952)

કાવ્યસુષમા (1959)

ડૂમો ઓગળ્યો (1975)